RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

Volume : 10
Issue : 105
Dt.: 19-02-2026,
Thursday
Page:04
Rs.00.50 paisa



નવસર્જન સંસ્કૃતિ

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

### જિનીવા મંત્રણાની સફળતાનો આધાર અમેરિકાના વલણ પર છેઃ ઈરાન

# USનાં યુદ્ધજહાજોને ડુબાડી દેવાની ઈરાનના સુપ્રીમ લીડરની ટ્રમ્પને ધમકી

## એક તરફ બંને દેશો વચ્ચે જિનીવામાં પરમાણુ મંત્રણા શરૂ થઈ છે, તો બીજી તરફ યુદ્ધની ધમકીઓએ વૈશ્વિક રાજકારણમાં ગરમાવો લાવી દીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
અમેરિકા અને ઈરાન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલો ગજગ્રાહ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખામેનેઈએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને સીધી ચેતવણી આપતા જણાવ્યું છે કે, ખાડી દેશોમાં તૈનાત અમેરિકાના શક્તિશાળી યુદ્ધજહાજોને ઈરાન ડુબાડી શકે છે. એક તરફ બંને દેશો વચ્ચે જિનીવામાં પરમાણુ મંત્રણા શરૂ થઈ છે, તો બીજી તરફ યુદ્ધની ધમકીઓએ વૈશ્વિક રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે.ખામેનેઈએ પોતાના ભાષણમાં અમેરિકા પર પ્રહાર કરતા કહ્યું કે, “અમે સતત સાંભળીએ છીએ કે અમેરિકાએ ઈરાન તરફ યુદ્ધજહાજ મોકલ્યું છે. યુદ્ધજહાજ ચોક્કસપણે ખતરનાક હથિયાર છે, પરંતુ તેનાથી પણ વધુ ખતરનાક તે હથિયાર છે, જે તેને દરિયામાં ડુબાડી શકે છે. ઈરાનમાં શાસન બદલવાના અમેરિકાના તમામ પ્રયાસો નિષ્ફળ જશે.” આ સાથે ખામેનેઈએ ગર્જના કરીને કહ્યું કે દુનિયાની સૌથી મજબૂત ગણાતી સેનાને પણ એવો જોરદાર લપડાક મારી શકાય છે કે તે ફરી બેઠી ન થઈ શકે. ઉલ્લેખનીય છે કે, મધ્ય પૂર્વમાં અમેરિકાની વધતી લશ્કરી હિલચાલ વચ્ચે ઓમાનની મધ્યસ્થતામાં જિનીવા ખાતે વાતચીતનો દોર શરૂ થયો છે. આ મંત્રણામાં અમેરિકાના દૂત સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનર સામેલ છે. ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે તેઓ આ મંત્રણામાં ‘પરોક્ષ રીતે’ જોડાયેલા છે. ટ્રમ્પે સૂચક નિવેદન આપતા કહ્યું કે, ઈરાન પરમાણુ ક્ષમતા ગુમાવવાના ડરે સમજૂતી કરવા ઈચ્છે છે.ઈરાને હોરમુઝની ખાડીને ફાયર ડ્રિલ માટે બંધ કરવાની જાહેરાત કર્યા બાદ વાટાઘાટો શરૂ થઈ હતી. ઈરાનના ન્યૂક્લીયર પ્રોગ્રામ સંદર્ભે બંને દેશો બીજા રાઉન્ડની વાટાઘાટો થઈ હતી. દરમિયાન અમેરિકાએ પણ ઈરાનની નજીક સૈન્ય બળોની સંખ્યા વધારવા કવાયત શરૂ કરી છે. ઈરાન અને અમેરિકા વચ્ચે જીનિવા ખાતે ત્રણ કલાક મંત્રણા ચાલી હોવાનું સત્તાવાર સૂત્રોએ કહ્યુ હતું. જો કે આ વાટાઘાટોમાં થયેલી ચર્ચા બાબતે માહિતી જાહેર થઈ ન હતી.

### વિજય માલ્યાએ કોર્ટને આપ્યો જવાબ

# ભારતમાં ક્યારે પાછો આવીશ તેની કોઈ પાક્કી તારીખ ન બતાવી શકું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
ભાગેડુ બિઝનેસમેન વિજય માલ્યાએ બુધવારે બોમ્બે હાઈકોર્ટને જણાવ્યું છે કે તે કોઈ પાક્કી તારીખ નથી જણાવી શકતા કે તે યુનાઈટેડ કિંગડમમાંથી ભારતમાં ક્યારે પાછા આવશે. માલ્યાનું આ નિવેદન કોર્ટના એ સવાલના જવાબમાં આવ્યું, જેમાં કોર્ટે ફ્યુઝિટિવ ઈકોનોમિક ઓફેંડર્સ એક્ટ ૨૦૧૮ની વેલિડિટીને પડકાર આપવાની તેમની પિટિશન પર સુનાવણી કરતી વખતે તેમના દેશ પરત ફરવા વિશે પૂછવામાં આવ્યું હતું. ચીફ જસ્ટિસ શ્રી ચંદ્રશેખર અને જસ્ટિસ ગૌતમ અખંડની બેન્ચે રિપીટ કર્યું કે જો માલ્યા ઈચ્છે તો કોર્ટ તેમની પિટિશન પર વિચાર કરે, તો તેમને ભારત પરત ફરવું જોઈએ. જવાબમાં માલ્યાએ કહ્યું કે, તે કોઈ પાક્કી તારીખ નથી બતાવી શકતા કેમ કે તેમની પાસે ઈન્ડિયન પાસપોર્ટ નથી, જેને ભારત સરકારે ૨૦૧૬માં રદ કરી દીધો હતો. આ ઉપરાંત તેમણે જણાવ્યું કે, એક બ્રિટિશ કોર્ટનો ઓર્ડર તેમને દેશ છોડતા રોકે છે. માલ્યાના વકીલ, સિનિયર એડવોકેટ અમિત દેસાઈએ કોર્ટમાં નિવેદન આપતા કહ્યું કે, તેમને ઈંગ્લેન્ડ અને વેલ્સ છોડવા અથવા છોડવાની કોશિશ કરવા અથવા કોઈ પણ ઈન્ટરનેશનલ ટ્રાવેલ ડોક્યુમેન્ટ માટે અપ્લાય કરવા અથવા તેને પાસ થવાની પરવાનગી નથી. કોઈ પણ હાલમાં પિટિશનર આ યોગ્ય રીતે નથી જણાવી શકતા કે તેઓ ભારત ક્યારે પાછા ફરશે. દેસાઈએ આ વાત પર ભાર આપ્યો કે એફઈઓ એક્ટના અધિકારોને પડકાર આપનારી તેમની પિટિશન પર કોર્ટમાં સુનાવણી માટે માલ્યાનું દેશમાં હોવું જરૂરી નથી. માલ્યાએ ટ્રાયલ કોર્ટના તેમને ભાગેડુ ઘોષિત કરવાના ઓર્ડરને પડકાર આપતા એક અપીલ પણ દાખલ કરી હતી, દેસાઈએ તર્ક આપ્યો કે જો માલ્યા ભારતમાં હાજર હોત તો આ બધી કાર્યવાહી નકામી થઈ જાત, કેમ કે કાનૂનનું સેક્શન કહે છે કે જો આપ દેશમાં હાજર છો તો આ બધા ઓર્ડર રદ કરી દેવામાં આવશે. આ કાયદો જ છે. એટલા માટે જો હું અધિકારને પડકાર આપી રહ્યો છું તો હું અપીલ અથવા રિટ દ્વારા કોઈ રાહત નથી મેળવી શકતો. બેન્ચે કેન્દ્ર સરકારના આ નિવેદન પર એક અઠવાડિયાની અંદર જવાબ આપવા માટે કહ્યું અને મામલાની સુનાવણી માર્ચ ૨૦૨૬ની બીજા અઠવાડિયામાં નક્કી કરી છે. આ મામલાની સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે કેન્દ્ર સરકારે માલ્યાના એફિડેવિટના જવાબમાં એક એફિડેવિટ દાખલ કર્યુ હતું, જેમાં સરકારે તેમને કથિત બાકી વિશે જણાવ્યું હતું અને જણાવ્યું કે સરકારે ભારતમાં તેમની એસેટ્સથી વધારે ભાગ કેવી રીતે વસૂલ કર્યો હતો. મહેતાએ કહ્યું કે માલ્યા ૨ માર્ચ ૨૦૧૬થી ફરાર હતો અને ૫ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ એક સક્ષમ કોર્ટે તેમને ભાગેડુ અપરાધી ઘોષિત કર્યા હતા.

### અમેરિકામાં ગેરકાયદ રીતે શોષણ કરવાના આરોપ

# સગીરાનું યૌન શોષણ કરવાના આરોપમાં ભારતીય નાગરિકની ધરપકડ કરવામાં આવી

## આ ધરપકડ એવા સમયે થઈ છે જ્યારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના શાસનના બીજા કાર્યકાળ દરમ્યાન ઈમિગ્રેશન એન્ફોર્સમેન્ટની કાર્યવાહી તીવ્ર બની છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન
વોડેલા યશસ્વી કોટ્ટાપલ્લી તરીકે ઓળખાયેલા ભારતીય વ્યક્તિની અમેરિકામાં સગીરા પર બળાત્કારના આરોપ હેઠળ ધરપકડ કરવામાં આવી છે. અમેરિકન ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (આઈસીઈ)ના જણાવ્યા અનુસાર યશસ્વી બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ છે અને હાલ અમેરિકન ઈમિગ્રેશન કાયદા હેઠળ દેશનિકાલની પ્રક્રિયા બાકી હોવાને કારણે કસ્ટડીમાં છે. તેની સામે ન્યુ જર્સીમાં દુકાનોમાં ચોરી અને જાહેર અવ્યવસ્થા સર્જવાના આરોપ પણ છે. જો કે એજન્સીએ આરોપોની કોઈ વિગતો જાહેર નથી કરી.આઈસીઈએ કોટ્ટાપલ્લીને અપરાધી ગેરકાયદે એલિયન તરીકે વર્ણવ્યો અને જણાવ્યું કે તેની સામે જાતીય હુમલા અને ચોરીના આરોપો પ્રલંબિત છે. એજન્સીએ આરોપ લગાવ્યો કે જાતીય હુમલામાં ૧૩ વર્ષની છોકરી સામેલ હતી, જો કે તેમણે કથિત ઘટના વિશે ધરપકડની તારીખ અથવા વિશિષ્ટ જાણકારી સહિત વધુ વિગતો જાહેર નથી કરી. આઈસીઈએ પુષ્ટી કરી કે કાનૂની અને ઈમિગ્રેશન પ્રક્રિયા દરમ્યાન તે કસ્ટડીમાં જ રહેશે.આ ધરપકડ એવા સમયે થઈ છે જ્યારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના શાસનના બીજા કાર્યકાળ દરમ્યાન ઈમિગ્રેશન એન્ફોર્સમેન્ટની કાર્યવાહી તીવ્ર બની છે. આઈસીઈએ ફોજદારી અપરાધો ધરાવતા બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સ સામે કાર્યવાહી વધુ તીવ્ર બનાવી છે. ડિસેમ્બરમાં એજન્સીએ બે જણાનો ભોગ લેનાર ઓરેગોનમાં જીવલેણ મોટરવે અકસ્માત સાથે સંકળાયેલા ભારતીય ટ્રક ડ્રાઈવરની અટક કરી હતી. દેશનિકાલના કિસ્સામાં પણ વધારો થયો છે.ભારત સરકારે જારી કરેલા ડાટા અનુસાર વ્યાપક ઈમિગ્રેશન વિરોધી અભિયાનના ભાગ તરીકે ૨૦૨૫માં અમેરિકામાંથી ૩૮૦૦થી વધુ ભારતીયોને દેશમાંથી કાઢવામાં આવ્યા હતા. અમેરિકાના હોમલેન્ડ સિક્યોરિટી વિભાગ (ડીએચએસ)એ પણ ગંભીર ગુનાઓમાં આરોપી ઠરેલા લોકો સહિત આશરે ૨૫ હજાર અપરાધી ગેરકાયદે એલિયન્સનો ડાટા પ્રકાશિત કર્યો છે. આવા લોકોની યાદીમાં ભારતીય મૂળના ૮૯ લોકો સામેલ હતા.ઉલ્લેખનીય છે કે પ્રમુખ ટ્રમ્પે તેમના બીજા કાર્યકાળનો આરંભ દક્ષિણ સરહદ ખાતે રાષ્ટ્રીય કટોકટી જાહેર કરીને કર્યો હતો અને ગુનેગાર એલિયનોને દેશનિકાલ કરવાની ખાતરી આપી હતી.

# અરજી ડ્રાફ્ટ કરવા એઆઈના ઉપયોગ સામે સુપ્રીમ કોર્ટ નારાજ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
નવી ટેકનોલોજીના પદાર્પણ માટે ભારત સરકાર જ્યારે ‘એઆઈ ઈમ્પેક્ટ સમિટ-૨૦૨૬’ નામના વિશ્વના સૌથી મોટા આર્ટિફિશિયલ ઈન્ટેલિન્સ (એઆઈ)ના મહાસંમેલનનું આયોજન કરી રહી છે ત્યારે સુપ્રીમ કોર્ટે આ ટેકનોલોજીના નુકસાન સામે લાલબત્તી ધરી છે.કોર્ટમાં અરજી દાખલ કરવા માટેના ડ્રાફ્ટ તૈયાર કરવા વકીલો દ્વારા એઆઈનો વધુ પડતો ઉપયોગ થઈ રહ્યો હોવાનું જણાવીને સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમલ્યા બાગચી અને જસ્ટિસ બી.વી નાગરત્નાની બેંચે નોંધ્યું હતું કે, એઆઈનો ઉપયોગ કરનારા વકીલો હવે પોતાની જાતે અરજીનો મુસદ્દો પણ નથી લખતા અને એઆઈના ટુલ દ્વારા આ મુસદ્દા તૈયાર કરે છે. સુપ્રીમ કોર્ટે ટકોર કરી હતી કે, કેટલાંક વકીલો પોતાના અસીલની અરજીનો મુસદ્દો એઆઈના ટુલ દ્વારા તૈયાર કરે છે, જે સહેજપણ સ્વીકાર્ય નથી અને તદ્દન બિનજરૂરી છે. રાજકીય ભાષણો માટે ચોક્કસ ગાઈડલાઈન્સ ઘડવાની દાદ માંગતી શિક્ષણવીદ રૂપ રેખા વર્મા દ્વારા કરાયેલી જાહેર હિતની અરજીની સુનાવણી દરમિયાન કોર્ટે આ મુજબનું અવલોકન વ્યક્ત કર્યુ હતું.

# મહિલાએ એમ.એ.માં પ્રથમ ક્રમ મેળવી ગોલ્ડ મેડલ જીત્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈન્દોર
૭૮ વર્ષની ઉંમરે ઘણા લોકો વૃદ્ધ થઈને જીવનની ગતિ ધીમી કરી દેતા હોય છે, ત્યારે સુષ્મા મોઘેએ શિક્ષણની નવી સફરની શરૂઆત કરી અને નિવૃત્તિ બાદ એમ.એ. મરાઠી કોર્સમાં પ્રથમ ક્રમ મેળવી ગોલ્ડ મેડલ હાસલ કર્યો. સુષ્માએ ઈન્દોરની દેવી અહલ્યાબાઈ યુનિવર્સિટિમાંથી એમ.એનો અભ્યાસ પૂર્ણ કર્યો છે.યુનિવર્સિટીના દીક્ષાંત સમારંભમાં મધ્ય પ્રદેશના રાજ્યપાલ મંગુભાઈ પટેલના હસ્તે મોઘેને મેરીટ લિસ્ટમાં ટોચ પર રહેવા બદલ ગોલ્ડ મેડલ એનાયત કરાયો હતો. મોઘેએ કહ્યું, “આ ઉંમરે હું મરાઠીમાં એમ.એ. કરી શકું, એ મને ખબર જ નહોતી. જ્યારે મને આ તક વિશે જાણ થઈ, ત્યારે મેં તેનો સંપૂર્ણ લાભ લીધો.” નિવૃત્તિ પછી તેમના જીવનમાં એકલવાયાપણુ આવી ગયું હતુ અને ફરીથી અભ્યાસ શરૂ કરવાથી તેમને નવો ઉદ્દેશ્ય અને દિશા મળી છે. તેમણે પોતાના શિક્ષકો પ્રત્યે ઊંડો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું, “તેમણે મને સંપૂર્ણ સહકાર આપ્યો અને ઑનલાઈન તેમજ ઑફલાઈન બંને રીતે ભણાવ્યું.” . હાલમાં મોઘે પ્રખ્યાત હિન્દી લેખકોના સાહિત્યનું મરાઠીમાં ભાષાંતર કરી રહ્યા છે. તેમનો સંદેશ સરળ છેઃ “તમારો નવરાશનો સમય સમજદારીથી વાપરો અને વધુમાં વધુ વાંચન કરો. દુનિયામાં શીખવા માટે ઘણું છે.” યુનિવર્સિટીના કુલપતિ ડૉ. રાકેશ સિંઘાઈએ તેમના આ સિદ્ધિને સંસ્થાના ગૌરવની બાબત ગણાવી. તેમણે કહ્યું, “એમ.એ. કોર્સમાં પ્રથમ સ્થાન મેળવી મોઘે ગોલ્ડ મેડલ મેળવે છે, તે અમારી યુનિવર્સિટી માટે ગૌરવની વાત છે.”

### ૧૧ માફિયાના મોત થયાં

# અમેરિકન સૈન્યનું મોટું ઓપરેશનઃ ડ્રગ્સ તસ્કરોની ૩ નૌકા પર ભયાનક હુમલો

## અમેરિકન સેનાએ નૌકાઓને નષ્ટ કરવાના વીડિયો તો જાહેર કર્યા છે, પરંતુ હજુ સુધી નૌકાઓમાં ડ્રગ્સનો મોટો જથ્થો હતો તે અંગેના નક્કર પુરાવાઓ સાર્વજનિક કર્યા નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન
અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ બાદ અમેરિકન સેનાએ ડ્રગ્સ માફિયાઓ વિરુદ્ધ જંગ છેડી દીધો છે. લેટિન અમેરિકન જળક્ષેત્રમાં ડ્રગ્સની હેરાફેરી કરતી ત્રણ શંકાસ્પદ નૌકાઓ પર અમેરિકી સૈન્યએ જોરદાર હુમલો કર્યો છે, જેમાં ૧૧ લોકોના મોત નિપજ્યા છે. ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ડ્રગ્સ કાર્ટેલ વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલા અભિયાનમાં આ અત્યાર સુધીનો સૌથી ઘાતક હુમલો માનવામાં આવી રહ્યો છે.અમેરિકાની સેનાએ મંગળવારે લેટિન અમેરિકાના દરિયાઈ વિસ્તારોમાં ડ્રગ્સની હેરાફેરી કરતી ત્રણ નૌકાઓને નિશાન બનાવી હતી. આ હુમલામાં કુલ ૧૧ લોકો માર્યા ગયા છે. ઉલ્લેખનીય છે કે, સપ્ટેમ્બર મહિનાથી અમેરિકાએ ડ્રગ્સ તસ્કરોને ‘નાર્કો ટેરરિસ્ટ’ ગણાવી તેમની વિરુદ્ધ હવાઈ અને દરિયાઈ હુમલાઓ શરૂ કર્યા છે. આ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં અંદાજે ૧૪૫ લોકોના મોત થયા છે.અમેરિકન સધર્ન કમાન્ડના જણાવ્યા અનુસાર, પૂર્વ પ્રશાંત મહાસાગરમાં બે નૌકાઓ અને કેરેબિયન સમુદ્રમાં એક નૌકાને તોડી પાડવામાં આવી હતી. પ્રશાંત મહાસાગરમાં જે બે નૌકાઓ પર હુમલો થયો તેમાં ૪-૪ લોકો સવાર હતા, જ્યારે કેરેબિયન સમુદ્રમાં ત્રીજી નૌકા પર સવાર ૩ લોકોના મોત થયા હતા. સેનાએ અત્યાર સુધીમાં ડ્રગ્સની તસ્કરીના માર્ગો પર અંદાજે ૪૨ હુમલાઓ કર્યા હોવાનો દાવો કર્યો છે.અમેરિકન સેનાએ નૌકાઓને નષ્ટ કરવાના વીડિયો તો જાહેર કર્યા છે, પરંતુ હજુ સુધી નૌકાઓમાં ડ્રગ્સનો મોટો જથ્થો હતો તે અંગેના નક્કર પુરાવાઓ સાર્વજનિક કર્યા નથી. આમ છતાં, સેના આને આતંકવાદ વિરોધી અભિયાન જેવું જ મહત્વ આપી રહી છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ કાર્યવાહીનો બચાવ કરતા જણાવ્યું હતું કે, અમેરિકા હાલમાં લેટિન અમેરિકાના ડ્રગ કાર્ટેલ સાથે સીધા સશસ્ત્ર સંઘર્ષમાં છે. દેશમાં ડ્રગ્સના પ્રવેશને અટકાવવા માટે આ પ્રકારના કડક પગલાં લેવા અનિવાર્ય છે. ટ્રમ્પ વહીવટીતંત્રનું માનવું છે કે ડ્રગ્સની હેરાફેરી એ રાષ્ટ્રીય સુરક્ષા માટે મોટો ખતરો છે.

# જમ્મુ-કાશ્મીરને ફરી રાજ્યનો દરજ્જો આપવા પર કેન્દ્રીય મંત્રીના સંકેત

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ-કાશ્મીર
જમ્મુ-કાશ્મીરના રાજ્યના દરજ્જાને લઈને એક ખૂબ જ મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. કેન્દ્રીય કાયદા અને ન્યાય રાજ્ય મંત્રી અર્જુન રામ મેઘવાલે ૧૭ ફેબ્રુઆરીના રોજ શ્રીનગરમાં એક કાર્યક્રમ દરમિયાન સંકેત આપ્યો છે કે કેન્દ્ર સરકાર જમ્મુ-કાશ્મીરને ફરીથી રાજ્યનો દરજ્જો આપવા અંગે ટૂંક સમયમાં મોટો નિર્ણય લઈ શકે છે. પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે વિશ્વાસ અપાવ્યો હતો કે આ મામલે પ્રક્રિયા ચાલી રહી છે અને જનતાને ખૂબ જ જલ્દી સારા સમાચાર સાંભળવા મળશે.કેન્દ્રીય મંત્રી અર્જુન રામ મેઘવાલે વધુમાં જણાવ્યું હતું કે, જમ્મુ-કાશ્મીરનો રાજ્યનો દરજ્જો પાછો આપવો એ એક સંવેદનશીલ વિષય છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અગાઉ લોકસભામાં આપેલા વચનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, સરકાર તેના વાયદા પર અડગ છે અને યોગ્ય પ્રક્રિયાનું પાલન કરીને લોકોને તેમનો હક આપવામાં આવશે. તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે, ‘મને લાગે છે કે તમે આના પર ખૂબ જ જલ્દી કોઈ મોટો નિર્ણય સાંભળશો.’ ઑગસ્ટ ૨૦૧૯માં ભારત સરકાર દ્વારા બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરવામાં આવી હતી, જેની સાથે જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જો પણ ખતમ થઈ ગયો હતો. તે સમયે રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશો— જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં વિભાજિત કરવામાં આવ્યું હતું. હવે મંત્રીના આ નિવેદન બાદ એવી અટકળો તેજ થઈ ગઈ છે કે કાશ્મીરની જનતાને તેમનો રાજ્યનો દરજ્જો પાછો મળવાની ઘડીઓ ગણાઈ રહી છે.



# તંત્રી લેખ......

## સુપ્રીમ કોર્ટ સરકારો વતી કાર્ય કરી રહી છે; કેન્દ્ર અને રાજ્ય સરકારોનું વલણ ચિંતાજનક છે

તાજેતરમાં, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને અનેક નિર્દેશો જારી કર્યા હતા, જેમાં સાયબર છેતરપિંડી, અને ખાસ કરીને ડિજિટલ ધરપકડના કેસોને લૂંટ અને લૂંટ તરીકે ગણાવ્યા હતા. તેણે ગૃહ મંત્રાલયને તાજેતરમાં ઘડવામાં આવેલી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર લાગુ કરવાનો નિર્દેશ આપ્યો હતો, સીબીઆઈને કેસ ઓળખવાનો નિર્દેશ આપ્યો હતો અને રિઝર્વ બેંકને શંકાસ્પદ બેંકિંગ વ્યવહારોને રોકવાનો નિર્દેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલન માટે ડ્રાફ્ટ વિકસાવવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

જ્યારે સુપ્રીમ કોર્ટે ડિજિટલ ધરપકડના કેસની સુઓમોટો નોંધ લીધી અને આવા કેસોની સુનાવણી શરૂ કરી, ત્યારે ગૃહ મંત્રાલયે એક એસઓપી પ્રસ્તાવિત કર્યો. તેનો હેતુ વિવિધ એજન્સીઓ વચ્ચે વધુ સારું સંકલન સ્થાપિત કરવાનો અને શક્ય હોય ત્યાં, છેતરપિંડીવાળા ભંડોળના સમયસર પરત સુનિશ્ચિત કરવાનો હતો. નોંધનીય છે કે, સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર, ગૃહ મંત્રાલયે ડિજિટલ ધરપકડના તમામ પાસાઓની વ્યાપક તપાસ કરવા માટે એક ઉચ્ચ-સ્તરીય આંતર-વિભાગીય સમિતિની રચના કરી હતી. આ સમિતિએ એસઓપીનો મુસદ્દો તૈયાર કર્યો. પ્રશ્ન એ છે કે, સુપ્રીમ કોર્ટના નિર્દેશો પર, ગૃહ મંત્રાલયે સાયબર છેતરપિંડીને રોકવા માટે સમયસર પગલાં કેમ શરૂ કર્યા નથી, ખાસ કરીને જ્યારે ડિજિટલ ધરપકડના કેસ વધી રહ્યા છે?

કાયદો અને વ્યવસ્થા રાજ્યનો વિષય હોવાથી, સાયબર છેતરપિંડી અટકાવવાનું કાર્ય મુખ્યત્વે રાજ્ય સરકારોનું છે. જોકે, કેન્દ્ર સરકાર બેંકો, ટેલિકોમ કંપનીઓ અને ડિજિટલ પ્લેટફોર્મની ભૂમિકા પર ધ્યાન આપી શકી હોત. એ નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટે સાયબર છેતરપિંડીમાં બેંકોની ભૂમિકા શંકાસ્પદ ગણાવી હતી, અને એ વાત જાણીતી છે કે ડિજિટલ ધરપકડ સહિત મોટાભાગના સાયબર છેતરપિંડીના કેસોમાં વોટ્સએપ ભૂમિકા ભજવે છે. સાયબર છેતરપિંડીના કેસોની સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે ડિજિટલ છેતરપિંડી દ્વારા અત્યાર સુધીમાં ૫૪,૦૦૦ કરોડથી વધુની ઉચાપત કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના મતે, આ રકમ ઘણા રાજ્યોના બજેટ કરતાં વધુ છે. શું તે વિચિત્ર નથી કે હજારો કરોડ રૂપિયાની મહેનતથી કમાયેલા પૈસા લૂંટાઈ ગયા છે, છતાં કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર જે રીતે કાર્યવાહી કરી રહી છે તે રીતે પોતે પગલાં લેવાનું જરૂરી માન્યું નથી? સાયબર છેતરપિંડીની વાત આવે ત્યારે રાજ્ય સરકારો પણ ઓછી બેદરકારી દાખવતી નથી. એક આંકડા મુજબ, ૨૦૨૧ થી ૨૦૨૩ ની વચ્ચે, ડિજિટલ છેતરપિંડીની ૪.૮ મિલિયન ફરિયાદો સામે ફક્ત ૨૦૦,૦૦૦ હ્રૈંઇ નોંધાઈ હતી. આ પરિસ્થિતિ દર્શાવે છે કે પોલીસ સાયબર છેતરપિંડી અટકાવવા માટે તૈયાર નથી. આશ્ચર્યજનક નથી કે આ સાયબર ગુનેગારોની હિંમત વધારી રહી છે. એ પણ અવગણવું જોઈએ નહીં કે લોકોને સામાન્ય રીતે તેમના ચોરાયેલા પૈસા પાછા મળતા નથી કારણ કે પોલીસને રસ નથી.


# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૧૨૯૬ અને ચાંદીના વાયદામાં રૂ.૮૦૧૧નો ફરી ઉછાળોઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૭૮ની તેજી

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૯૦૮૦.૫૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૫૩૧૧૦.૨૭ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૪૩૦૯.૭૦ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૭૫૦૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૭૨૧૯૧.૮૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૯૦૮૦.૫૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૫૩૧૧૦.૨૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૭૫૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૭૭૧.૭૧ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૪૩૦૯.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૩૩૦૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૩૫૫૪ અને નીચામાં રૂ.૧૫૨૫૦૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૧૪૧૮ના આગલા બંધ સામે રૂ.૧૨૯૬ વધી રૂ.૧૫૨૭૧૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૧૦૩ વધી રૂ.૧૨૫૦૬૧ થયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૫૩ વધી રૂ.૧૫૬૨૬ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૩૭ વધી રૂ.૧૫૦૮૨૮ થયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૬૨૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૩૩૮૫ અને નીચામાં રૂ.૧૫૨૩૩૬ના મથાળે અથડાઈ, રૂ.૧૫૧૫૧૭ના આગલા બંધ સામે રૂ.૧૧૭૩ વધી રૂ.૧૫૨૬૯૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૩૨૯૨૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૩૮૫૬૪ અને નીચામાં રૂ.૨૩૨૧૨૧ના મથાળે અથડાઈ, રૂ.૨૨૮૭૮૩ના આગલા બંધ સામે રૂ.૮૦૧૧ વધી રૂ.૨૩૬૭૯૪ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૮૧૪૬ વધી રૂ.૨૩૯૬૫૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૮૧૪૫ વધી રૂ.૨૩૯૬૬૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૧૯૧.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.૧૪.૪૫ વધી રૂ.૧૧૬૫.૩૫ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૫૫ વધી રૂ.૩૨૦.૬૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો રૂ.૨.૦૫ વધી રૂ.૩૦૫.૮૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો ૨૦ પૈસા ઘટી રૂ.૧૮૬.૮૫ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૫૩૨.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૪૬૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૪૮૪ અને નીચામાં રૂ.૩૪૨૪ના મથાળે અથડાઈ, રૂ.૧૩ વધી રૂ.૩૪૭૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૬૫૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૭૨૦ અને નીચામાં રૂ.૫૬૫૦ના મથાળે અથડાઈ, રૂ.૫૬૪૨ના આગલા બંધ સામે રૂ.૭૮ વધી રૂ.૫૭૨૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૭૯ વધી રૂ.૫૭૨૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૧ ઘટી રૂ.૨૭૪.૪ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૪ ઘટી રૂ.૨૭૪.૩ થયો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૬૦ના ભાવે ખૂલી, રૂ.૧.૧ ઘટી રૂ.૯૫૯ થયો હતો. કોટન ફેબ્રુઆરી વાયદો રૂ.૧૬૦ ઘટી રૂ.૨૫૫૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૫૬૮ના ભાવે ખૂલી, રૂ.૨૨ ઘટી રૂ.૨૫૭૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૦૬૨.૭૧ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૨૪૬.૯૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૨૭૧૬.૦૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૨૫.૮૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦.૦૮ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩૪.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૩.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૮૧૩.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૦૫.૪૩ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૩.૬૬ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૪૫ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૭ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૮૮૯૭ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૧૧૮૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૨૨૫૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૨૯૮૯૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૧૭૭૪ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૮૭૬૭ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૯૨૮૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૪૫૨૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૬૭૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૦૫૧૫ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૭૧૪૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૭૫૬૪ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૭૫૭૨ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૭૪૫૮ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૯૬ પોઈન્ટ વધી ૩૭૫૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૭૨.૪ વધી રૂ.૩૧૧.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૬૦ પૈસા ઘટી રૂ.૭.૭૫ થયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૨ વધી રૂ.૨૦૨૦ થયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૭.૫ ઘટી રૂ.૩૧૪ થયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૯૬ વધી રૂ.૭.૪૨ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૧૬ પૈસા ઘટી રૂ.૦.૨૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૨.૫ ઘટી રૂ.૨૫૧.૮ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫ પૈસા વધી રૂ.૭ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૪૨ ઘટી રૂ.૧૯૫૮ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૧૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૯૭.૫ ઘટી રૂ.૪૪૧ થયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૪૪ ઘટી રૂ.૩.૦૪ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૨૪ ઘટી રૂ.૨.૯ થયો હતો.

# રાજકોટ ડિવિઝનમાં ડબલ ટ્રેકની કામગીરીને કારણે રેલ વ્યવહાર પ્રભાવિત થશે

રાજકોટ ડિવિઝનમાં આવેલ જામનગર-લાખાબાવલ સેક્શનમાં ડબલ ટ્રેકની કામગીરી માટે બ્લોક લેવામાં આવશે, જેના કારણે ૨૧ ફેબ્રુઆરીથી ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી રેલ વ્યવહાર પ્રભાવિત થશે. પ્રભાવિત થનારી ટ્રેનોની વિગત નીચે મુજબ છેઃ

આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનોઃ

૧) ૨૫-૦૨-૨૦૨૬ ના રોજ ભાવનગરથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૯૨૦૯ ભાવનગર–ઓખા એક્સપ્રેસ ને રાજકોટ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે. આમ, આ ટ્રેન રાજકોટ-ઓખા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૨) ૨૫-૦૨-૨૦૨૬ ના રોજ મુંબઈ સેન્ટ્રલથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૨૨૯૪૫ મુંબઈ સેન્ટ્રલ–ઓખા સૌરાષ્ટ્ર મેલ ને રાજકોટ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે. આમ, આ ટ્રેન રાજકોટ-ઓખા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૩) ૨૪-૦૨-૨૦૨૬ ના રોજ શાલીમારથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૨૨૯૦૬ શાલીમાર–ઓખા એક્સપ્રેસ ને હાપા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે. આમ, આ ટ્રેન હાપા-ઓખા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૪) ૨૬-૦૨-૨૦૨૬ ના રોજ ઓખાથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૯૨૧૦ ઓખા–ભાવનગર એક્સપ્રેસ રાજકોટ સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ (ઉપડશે) થશે. આમ, આ ટ્રેન ઓખા-રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૫) ૨૬-૦૨-૨૦૨૬ ના રોજ ઓખાથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૨૨૯૪૬ ઓખા–મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલ રાજકોટ સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ થશે. આમ, આ ટ્રેન ઓખા-રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૬) ૨૪-૦૨-૨૦૨૬ ના રોજ તિરુનલવેલીથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૯૫૭૭ તિરુનલવેલી–જામનગર એક્સપ્રેસ ને હાપા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે. આમ, આ ટ્રેન હાપા-જામનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

પરિવર્તિત માર્ગ પર ચાલનારી ટ્રેનોઃ

૧) ૨૬.૦૨.૨૦૨૬ ના રોજ પોરબંદરથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૨૯૦૫ પોરબંદર-શાલીમાર એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા જેતલસર-ભક્તિનગર થઈને ચલાવવામાં આવશે.

રિશેડ્યુલ (સમયમાં ફેરફાર) કરાયેલી ટ્રેનોઃ

૧) ૨૪.૦૨.૨૦૨૬ ના રોજ ઓખાથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૯૨૧૦ ઓખા–ભાવનગર એક્સપ્રેસ ને ઓખા સ્ટેશનથી ૨ કલાક મોડી ઉપડવા માટે રિશેડ્યુલ કરવામાં આવી છે.

માર્ગમાં રેગ્યુલેટ (મોડી) થનારી ટ્રેનોઃ

૧) ૨૧, ૨૨ અને ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ટ્રેન સંખ્યા ૧૯૨૧૦ ઓખા–ભાવનગર એક્સપ્રેસ ને માર્ગમાં ૨૫ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

૨) ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ટ્રેન સંખ્યા ૧૨૪૭૮ શ્રી માતા વૈષ્ણોદેવી કટડા–જામનગર એક્સપ્રેસ ને માર્ગમાં ૩૦ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

૩) ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ટ્રેન સંખ્યા ૨૨૯૬૯ ઓખા–બનારસ એક્સપ્રેસ ને માર્ગમાં જરૂરિયાત મુજબ રેગ્યુલેટ કરવામાં આવશે.

રેલ મુસાફરોને વિનંતી છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરી શરૂ કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની જાણકારી માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે જેથી કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય.

# અમદાવાદમાં યુવકે ટપાલ મોકલીને આપ્યા ટ્રિપલ તલાક

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના ઐતિહાસિક જમાલપુર વિસ્તારમાં રહેતી એક ૨૮ વર્ષીય મહિલાએ તેના પતિ વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરી છે. વર્ષ ૨૦૧૩માં લગ્નગ્રંથિથી જોડાયેલી આ મહિલાને તેના પતિએ કોઈપણ કાયદેસરની પ્રક્રિયા વગર માત્ર પોસ્ટ દ્વારા ટ્રિપલ તલાક મોકલી આપીને સંબંધોનો અંત કર્યો હતો. આ મામલે પીડિતાએ હિંમત દાખવીને ગાયકવાડ હવેલી પોલીસ મથકે ન્યાય માટે ફરિયાદ કરી છે.

પીડિતાએ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, લગ્નજીવનના શરૂઆતના ગાળા બાદ સાસુ અને નણંદ દ્વારા તેને માનસિક અને શારીરિક ત્રાસ આપવાનું શરૂ કરાયું હતું. પરિણીતા જ્યારે ગર્ભવતી હતી ત્યારે તેની તબિયતની દરકાર રાખવાને બદલે તેને પિયર મોકલી દેવામાં આવી હતી અને બાળકીના જન્મ બાદ પણ સાસરી પક્ષના કોઈ સભ્યો તેને જોવા સુદ્ધાં આવ્યા નહોતા. વર્ષ ૨૦૨૧માં સામાજિક મધ્યસ્થી દ્વારા સમાધાન કરાવીને તેને સાસરીમાં પરત મોકલવામાં આવી હતી, પરંતુ પતિએ તેની સાથે રહેવાની સ્પષ્ટ ના પાડી દઈને સતત ઝઘડા ચાલુ રાખ્યા હતા.આ પછી વર્ષ ૨૦૨૫માં પતિએ પત્નીની સંમતિ વગર પોસ્ટ દ્વારા ટ્રિપલ તલાકનો પત્ર મોકલી આપ્યો. પીડિત મહિલાએ આ તલાકને અસ્વીકાર્ય ગણાવ્યા હોવા છતાં, પતિએ કાયદાનું ઉલ્લંઘન કરીને જાન્યુઆરી ૨૦૨૬માં સરખેજ રોજા ખાતે અન્ય એક યુવતી સાથે નિકાહ કરી લીધા હતા. આ છેતરપિંડી અને અન્યાય સામે પરિણીતાએ ગાયકવાડ પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવતા, પતિને પોલીસ સ્ટેશનમાં નિવેદન લખાવવા બોલાવ્યો હતો, જેમાં તેણે કહ્યું હતું કે મેં તલાક આપી દીધા હતા. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.સુપ્રીમ કોર્ટે ૨૨ ઓગસ્ટ ૨૦૧૭ના રોજ ટ્રિપલ તલાકને ગેરબંધારણીય જાહેર કર્યો હતો, ત્યારબાદ સંસદે ૩૦ જુલાઈ ૨૦૧૯ના રોજ કાયદો પસાર કર્યો હતો. ભારતમાં મુસ્લિમ મહિલા (લગ્ન અધિકાર સંરક્ષણ) અધિનિયમ, ૨૦૧૯ (ટ્રિપલ તલાક કાયદો) દ્વારા એકસાથે ત્રણ વાર 'તલાક' બોલીને (તલાક-એ-બિદ્દત) લગ્ન તોડવાની પ્રથાને ગેરકાયદેસર અને દંડનીય ગુનો જાહેર કરવામાં આવ્યો છે. આ કાયદા હેઠળ, તલાક આપનાર પતિને ૩ વર્ષ સુધીની જેલની સજા અને દંડ થઈ શકે છે, તેમજ આ ગુનો કોગ્નિઝેબલ ( વોરંટ વગર પોલીસ સીધી ધરપકડ કરી શકે) બને છે. જે બાદ મેજિસ્ટ્રેટ આરોપીને જામીન આપતા પહેલા પીડિત મહિલાનો પક્ષ સાંભળે છે અને બાદમાં જ તેને જામીન મળી શકે છે. આ ઉપરાંત પીડિત મહિલા પતિ પાસેથી ભરણપોષણનો દાવો કરી શકે છે.

### સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા અકસ્માત

# દાહોદના જાલત ગામે પાટાડુંગરીની કેનાલમાં આર્ટિગા કાર ખાબકી

(સંપૂર્ણ સમાચાર સેવા)દાહોદ

દાહોદ નજીક આવેલા જાલત ગામે આજે એક મોટી દુર્ઘટના ઘટતા રહી ગઈ હતી. એક બેકાબૂ બનેલી મારુતિ આર્ટિગા કાર પાટાડુંગરીની મુખ્ય કેનાલમાં ખાબકી હતી. કારમાં ચાર માસૂમ બાળકો અને ચાલક સવાર હતા, જે તમામને સ્થાનિકો અને રેસ્ક્યુ ટીમની મદદથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે.

મારુતિ આર્ટિગા કારના ચાલકે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતા કાર રસ્તા કિનારે આવેલી પાટાડુંગરીની કેનાલમાં સીધી ખાબકી હતી.

અકસ્માત સર્જાતા જ આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. કારમાં સવાર મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા હતા, પરંતુ સદનસીબે કેનાલમાં પાણીનું સ્તર ઓછું હોવાથી કાર ડૂબી ન હતી અને મોટી જાનહાનિ ટળી હતી.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

# આરબીઆઈ, અમદાવાદ દ્વારા એકતા નગર ખાતે LDM, DDM અને LDO માટે અભિસરણ કાર્યશાળાનું આયોજન



ભારતીય રિઝર્વ બેંક (RBI)ના નાણાકીય સમાવેશ અને વિકાસ વિભાગ (FIDD), અમદાવાદ ક્ષેત્રીય કાર્યાલય દ્વારા આજે એકતા નગર સ્થિત ફર્ન સરદાર સરોવર રિસોર્ટ ખાતે ઉચ્ચ-સ્તરીય અભિસરણ કાર્યશાળાનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ કાર્યશાળામાં ગુજરાત રાજ્ય અને દીવ, દમણ અને દાદરા નગર હવેલી કેન્દ્રશાસિત પ્રદેશ ના ૩૫ અગ્રણી જિલ્લા પ્રબંધકો (LDMs), ૧૮ જિલ્લા વિકાસ પ્રબંધકો (DDMs) અને અગ્રણી જિલ્લા અધિકારીઓ (LDOs) એ ભાગ લીધો હતો.

ગ્રામીણ ધિરાણના આધાર-સ્તંભનું સશક્તિકરણ

આ કાર્યશાળાનું ઉદ્ઘાટન આરબીઆઈના ક્ષેત્રીય નિદેશક શ્રી અમરેશ રંજન દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે રાષ્ટ્રના નાણાકીય સમાવેશના એજન્ડાને આગળ ધપાવવામાં આ અધિકારીઓની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમના સંબોધન દરમિયાન, શ્રી રંજને કૃષિ ધિરાણના વિશેષ મહત્વ પર ભાર મૂક્યો, જેમાં ખાસ કરીને નાના અને સીમાંત ખેડૂતોનું ઉત્થાન કે જે ટકાઉ આર્થિક વિકાસ માટે કેન્દ્રિય છે.

સમાવેશી વિકાસમાં ગુજરાતની સિદ્ધિઓની પ્રશંસા કરતી વખતે, ક્ષેત્રીય નિદેશકે "ડિજિટલ અરેસ્ટ" જેવા સાયબર છેતરપિંડીની ઘટનાઓમાં વધારો થવા અને એ અંગે કાર્યવાહી કરવા પર ભાર મૂક્યો. તેમણે તમામ હિતધારકોને નાગરિકોનું રક્ષણ કરવા અને ડિજિટલ બેંકિંગ વ્યવસ્થામાં વિશ્વાસ જાળવી રાખવા માટે મજબૂત વ્યૂહરચના વિકસાવવા માટે આગ્રહ કર્યો.

વ્યૂહાત્મક સહયોગ અને કૌશલ્ય વૃદ્ધિ

કાર્યશાળાના સત્રો વિવિધ બેંકિંગ અને વિકાસ એજન્સીઓના પ્રયાસોને સુમેળ બનાવવા પર કેન્દ્રિત હતા. કાર્યશાળાની મુખ્ય વિષય-વસ્તુમાં નીચેના મુદ્દાઓ સમાવિષ્ટ છેઃ

અગ્રણી બેંક યોજના (LBS): RBI અને SLBC ના નવીનતમ વિનિયમન પરિપ્રેક્ષ્ય પર અપડેટ્સ.

સંભવિત લિંક્ડ પ્લાન્સ (PLP): પ્રાથમિકતા ક્ષેત્રોમાં ભંડોળનો પ્રવાહ સુનિશ્ચિત કરવા માટે જિલ્લા-સ્તરીય ધિરાણ યોજનાઓની વ્યૂહાત્મક તૈયારી.

નેતૃત્વ વિકાસઃ નીતિ અને અમલીકરણ વચ્ચેના અંતરને દૂર કરવા માટે ક્ષેત્ર-સ્તરના અધિકારીઓના સંકલન કૌશલ્યને મજબૂત બનાવવું.

મહાનુભાવોની વિશિષ્ટ હાજરી

આ કાર્યશાળામાં વરિષ્ઠ અધિકારીઓ અને નિષ્ણાતો દ્વારા જાણકારી આપવામાં આવી હતી, જેમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

શ્રી બી કે સિંઘલ, મુખ્ય મહાપ્રબંધક, નાબાર્ડ.

શ્રી અશ્વિની કુમાર, એસએલબીસી ગુજરાત, સંયોજક અને મહાપ્રબંધક, બેંક ઓફ બરોડા.

શ્રી કૃષ્ણ કુમાર સિંહ, યુટીએલબીસી, દીવ, દમણ અને દાદરા નાગર હવેલી, સંયોજક અને મહાપ્રબંધક, બેંક ઓફ બરોડા.

નાણાકીય સમાવેશ અને વિકાસ વિભાગ (FIDD), કેન્દ્રીય કાર્યાલય, આરબીઆઈ અને કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ બેંકિંગ (CAB), પુણેના વરિષ્ઠ ફેકલ્ટી.

આ કાર્યશાળા પ્રાદેશિક નાણાકીય એકીકરણમાં એક સીમાચિહ્નરૂપ છે, જે બેંકિંગ સુલભતા અને ભાગીદારીમાં રહેલા અંતરને દૂર કરવા માટે સામૂહિક પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# શિક્ષણ માટે રૂ.૬૩૧૮૪ કરોડ ફાળવાયા: ફ્રી બસ પાસ અને સ્કોલરશીપ સહિત ૧૩ મોટી જાહેરાત કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત રાજયના નાણાંમંત્રી દ્વારા રજુ કરવામાં આવેલા બજેટમાં ૯૭૪ કરોડ રૂપીયાની પુરાંત ધરાવતા આ બજેટમાં માત્ર શિક્ષણ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે જ કુલ ૬૩૧૮૪ કરોડ રૂપીયાની માતબર રકમ ફાળવવામાં આવી છે. જેમાં વિદ્યાર્થીઓ માટે બસ પાસ થી લઈને સ્કોલરશીપ સુધીની અનેક કલ્યાણકારી જાહેરાતો કરવામાં આવી છે. વિદ્યાર્થીઓના ડ્રોપ આઉપ રેશીયોને શુન્ય પર લાવવા અને સરકારી શાળાઓને હાઈટેક બનાવવા માટે બજેટમાં કેટલીક જોગવાઈઓ કરવામાં આવી છે.

(૧) રાજયની સરકારી અને પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના બિલ્ડીંગ અને અન્ય માળખાગત સુવિધાઓને આધુનિક બનાવવા માટે રૂપીયા ૩૦૫૫ કરોડ ફાળવવામાં આવ્યા છે. (૨) કન્યા કેળવણીને પ્રોત્સાહન આપતી નમો લક્ષ્મી યોજનાના અસરકારક અમલીકરણ માટે રૂપીયા ૧૨૫૦ કરોડ ફાળવાયા જયારે રાઈટ ટુ એજયુકેશન (આરટીઈ) અંતર્ગત ખાનગી શાળાઓમાં ભણતા ગરીબ બાળકો માટે ૮૨૭ કરોડ રૂપીયાની જોગવાઈ કરાઈ (૩) શાળાઓમાં ભણતા બાળકોના શારીરિક સ્વાસ્થ્ય અને પોષણને ધ્યાનમાં રાખીને આ યોજના હેઠળ ૫૯૮ કરોડ રૂપીયા ખર્ચવામાં આવશે (૪) પીએમ પોષણ યોજના અંતર્ગત મધ્યાહન ભોજનને વધુ શુધ્ધ અને સાત્વિક બનાવવા માટે રાજયના ૭૪ તાલુકાઓમાં હાઈટેક અને સેન્ટ્રલાઈઝડ કિચન બનાવવામાં આવશે (૫) વિજ્ઞાન પ્રવાહ (સાયન્સ ના અભ્યાસ કરતા આશરે ૨ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ૨૫૦ કરોડ રૂપીયાની આર્થિક સહાય અપાશે (૬) ગરીબ અને તેજસ્વી તારલાઓ માટે કાર્યરત જ્ઞાનશકિત રેસીડેન્સીયલ સ્કુલસ ઓફ એકસલન્સ ના સંચાલન માટે ૨૨૩ કરોડ રૂપીયાની ફાળવણી કરવામાં આવી (૭) ગ્રામ્ય વિસ્તારોમાંથી શહેરમાં અભ્યાસ માટે અપડાઉન કરતા અંદાજીત ૧૩ લાખ જેટલા વિદ્યાર્થીઓ માટે એસટી નિગમની બસોમાં મફત મુસાફરી (બસ પાસ ફ્રી કન્સેશન યોજના ) માટે ૨૨૩ કરોડ રૂપીયા ફાળવાયા (૮) રાજયની ૩૧૭૯૦ જેટલી શાળાઓમાં સ્વચ્છતા અને હાઈજીન જાળવવા માટે અપાતી ગ્રાન્ટ માં બમણો વધારો કરીને ૧૩૫ કરોડ રૂપીયા ફાળવવામાં આવ્યા છે (૯) ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં હવે એક જ કેમ્પસમાં બાલવાટીકાથી લઈને ધોરણ ૧૦ સુધીનુ સળંગ અને ગુણવત્તા યુકત શિક્ષણ મળી રહે તે માટે નવા બાંધકામો પાછળ ૧૨૦ રૂપીયા ખર્ચવામાં આવશે (૧૦) રાજયની પ્રાથમિક શાળાના અંદાજે ૫૨ લાખ થી પણ વધુ વિદ્યાર્થીઓને વિના મુલ્યે પાઠય પુસ્તકો પુરા પાડવા માટે ૧૧૯ કરોડ રૂપીયાની જોગવાઈ કરાઈ (૧૧) ઉચ્ચ શિક્ષણ મેળવતા ૧૮ લાખ જેટલા યુવા વિદ્યાર્થીઓને વિના મુલ્યે પુસ્તકો અને અન્ય શૈક્ષણિક સહાય માટે ૧૧૨ કરોડ રૂપીયાની ફાળવણી કરાઈ (૧૨) મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના હેઠળ રાજયના ૧ લાખ હોશિયાર વિદ્યાર્થીઓને મેરીટના આધારે સ્કોલરશીપ આપવા માટે ૧૦૦ કરોડ રૂપીયા નકકી કરાયા (૧૩) ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતી ૯.૭૨ લાખ વિદ્યાર્થીનીઓના આરોગ્યની જાળવણી માટે મફત સેનેટરી નેપકીન પુરા પાડવા માટે ૪૭ કરોડ રૂપીયા મંજુર કરવામાં આવ્યા

### ભાડા સાથે સ્થાઈ આવક કરનારાઓ ધ્વારા

# ઈન્ડસ્ટ્રીઅલ એરિયામાં ઊભી કરાતી બિલ્ડીંગોની ૧૦ટ૧૦ ની રૂમોમાં નર્ક જેવી જીંદગી જીવતા કામદારો!!!

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત.

સુરત શહેરના વિવિધ વિસ્તારો જેવા કે સચિન, સુડા, કનકપુર,કંસાડ, પાલીગામ, તલંગપોર, પલસાણા, કડોદરા, જોળવા, તાતીથૈયા જેવા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારો સહિત હજીરા, કીમ, પીપોદરા જેવી અલગ-અલગ જગ્યાઓ ઉપર મજૂર વર્ગો માટે બિલ્ડીંગોમાં **8x8** કે **10x10**ની ઊભી કરાતી રૂમો જેમાં હવા ઉજાસ તો દૂરની વાત છે. પરંતુ શ્વાસ લેવો પણ ભારે પડે એવી એક એક રૂમોમાં ૫ થી ૭ વ્યક્તિઓ ભાડે રહેતી હોય છે.

આ બિલ્ડીંગો ઊભી કરનારાઓની ઉપર ઉપરોક્ત વિસ્તારોના પદાધિકારીઓ અને અધિકારીઓની મીઠી નજર હોવાથી આડેધડ બિલ્ડીંગો ઊભી થઈ રહી છે અને મજૂર વર્ગનું આર્થિક શોષણ કરાઈ રહ્યું છે.

સદર બિલ્ડીંગો ઊભી કરનારા નાનો મોટો ધંધો કરીને પૈસા કમાઈને બાંધકામ અંગેની કોઈ જાણકારી કે અનુભવ નહીં હોવા છતાં આર્કીટેક કે સિવિલ એન્જિનિયરની સલાહ સૂચન કે બિલ્ડીંગના પ્લાન, નકશા મુક્યા વગર આડેધડ આવી બિલ્ડીંગો ઊભી કરતાં હોય છે. જેમને બિલ્ડીંગમાં વપરાતા સિમેન્ટ, લોખંડની ગુણવત્તાનો કોઈ અનુભવ હોતો નથી.

આમ **8x8** કે **10x10** ની રૂમોવાળી બિલ્ડીંગો જાણેકે જેલની કોટડીઓ હોય એવો અનુભવ રૂમોમાં રહેતા ફેક્ટરીના કામદારોને થતો હોય છે. કારણકે ગરમીના સમયમાં આ રૂમોમાં રહેતા મજૂર કામદારોની હાલત ઘણી જ ખરાબ થઈ જતી હોય છે. એક તો ફેકટરીની ગરમીથી કંટાળેલો કામદાર થાક્યો પાકયો ઘરે આવે તો અહીં રૂમોમાં હવા-ઉજાસ નહીં હોવાથી થતી બફારાની ગરમીથી પરેશાન થઈ પરસેવે રેબઝેબ થઈ જતો હોય છે. જે એમના સ્વાસ્થય માટે જોખમ કારક બની જાય છે.

આવી બિલ્ડીંગો ઊભી કરનારાઓ ઉપરના ભાગમાં રૂમો બનાવી નીચે પાછી દુકાનો બનાવીને એમાં પોતે અથવા નજીકના સગાં-સબંધીઓને દુકાનો ભાડે આપી એમાં અનાજ કરીયાણાની દુકાન બનાવે છે. અને અન્ય દુકાનો અન્ય લોકોને એમના ધંધા માટે ભાડે આપી એમાં પણ ભાડાની આવક કરતા હોય છે. હવે અનાજ કરીયાણાની દુકાન પણ બિલ્ડીંગ માલિકની અથવા પોતાના નજીક ના સગાં વહાલાઓની હોવાથી જ એમાં પણ એની જોહુકમી પણ કેવી કે એની રૂમોમાં રહેતા મજૂરોએ અન્ય દુકાનોએથી અનાજ કરીયાણા લેવા નહીં પોતાની દુકાનેથી જ લેવાની ભાડૂત મજૂરોને ફરજ પાડવામાં આવે છે. જેમાં વેપારી ધ્વારા મજૂર વર્ગનું આર્થિક શોષણ કરાતું હોય છે. જેમકે ભેળસેળીઓ માલ,જાણીતી બ્રાન્ડ જેવી કે સાબુ,ટૂથપેસ્ટ, તેલ વિગેરે જેવી બ્રાન્ડેડ ચીજોના નામે ઉલ્લાસનગર ની ડુપ્લિકેટ અને ઓછી ગુણવત્તા વાળી આઈટમો પધરાવી અસલી માલના પૈસા વસુલ કરાતા હોય છે. જે માટે મજૂરોની માસિક ડાયરી બનાવવામાં આવે છે. જેમાં લખાયેલી ખાધ્ય પદાર્થોની આઈટમો જેવીકે દાળ, ચોખા, કઠોળ તેમજ પ્રોવિઝનને લગતી દરેક આઈટમો તદ્દન હલ્કી કક્ષાની એટલેકે ઓછી ગુણવત્તા વાળી પધરાવીને બ્રાન્ડેડ નામે પૈસા વસૂલ કરવામાં આવે છે.

સદર ડાયરીનો માસિક હિસાબ થતાં પૈસા ચુકવતી વખતે મજૂરો ધ્વારા વધારે ભાવ કે વસ્તુની ગુણવત્તા અંગેનો કોઈ ભાવતાલ નહી કરતા હોવાથી દુકાનદાર ધ્વારા ટોટલમાં પણ ગોબાચારી કરી ને ડાયરીમાં લખ્યા મુજબનું પેમેન્ટ દુકાનદારને કરી અને મજૂર રવાના થાય છે. જે માલ દુકાનદાર ધ્વારા વેચાણ આપવામાં આવ્યો હોય છે એ હલ્કી કક્ષાનો હોવાને કારણે મજૂરોના આરોગ્યને નુકશાન કર્તા સાથે હાનિકારક બને છે. જેનાથી એના સ્વાસ્થય ને પણ અસર થતાં લાંબાગાળે મજૂરોમાં માંદગીનું પ્રમાણ વધતું જતું હોય છે. જે ચિંતાજનક બાબત છે. આ અંગે અનાજ-કરિયાણાની દુકાનોમાં વેચાતી પ્રોવિઝનલ આઈટમોનું આરોગ્ય ખાતા ધ્વારા તેમજ તોલમાપ ખાતા ધ્વારા વારંવાર ચેકિંગ થવું જરૂરી છે. છતાં એ અંગે સરકારી તંત્ર ઘોર નિંદ્રામાં છે.

સદર ઊભી કરાયેલી બિલ્ડીંગોમાં ૫૦ થી ૧૦૦ જેટલી રૂમો **8x8** કે **10x10** સાઈઝની બનાવેલી હોય છે અને આ રૂમો કેવી રીતે ઊભી થઈ રહી છે. એની પાછળનું કારણ કે આવી બિલ્ડીંગો ઊભી કરનારા શખ્સો ધ્વારા સુરત મ.ન.પા, સુડા, નગર પંચાયત કે પંચાયતોમાં ચૂંટાયેલા પદાધિકારીઓ અને સરકારી અધિકારીઓના વચેટીયાઓ ધ્વારા “વહીવટ” નો “વહેવાર” કરાતા આ ભ્રષ્ટ અધિકારીઓ અને પદાધિકારીઓના “પાપે” ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારોમાં ભાડા ખાઉઓ ધ્વારા આડેધડ બિલ્ડીંગો ઊભી કરાઈ મજૂરોના જાન ને જોખમ માં મૂકી રહ્યા છે.

આવી સ્થાઈ આવક અને ભાડું ખાવા ઊભી કરાતી બિલ્ડીંગોની આજદિન સુધી કોઈ અધિકારીઓ કે પદાધિકારીઓ એ રૂબરૂ મુલાકાત લઈને બિલ્ડીંગોની ગુણવત્તા અને હવા ઉજાસ અંગેની કોઈ ગંભીર પણે તપાસ કરાઈ નહીં હોવાથી પણ મજૂર વર્ગ બિચારો બાપડો બની નર્ક જેવી જીંદગી જીવવા મજબુર બની રહ્યો છે. રૂબરૂ મુલાકાતો નહીં લેવાનું કારણ આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર અધિકારીઓ કે પદાધિકારીઓને એમના મળતિયાઓ ધ્વારા પ્લોટ દીઠ એટલેકે એક પ્લોટ,બે પ્લોટ કે વધારે પ્લોટ ભેગા કરીને બનાવેલી બિલ્ડીંગો માટે નક્કી કરાયેલી રકમના બંધ કવરો બિલ્ડીંગ માલિકો તરફથી મળી જતાં હોવાથી સ્થળની સ્પોટ વિઝિટ કરવાનું અધિકારીઓ અને પદાધિકારીઓ ટાળે છે. સદર બિલ્ડીંગોમાં ભાડે અપાતી રૂમોમાં રહેતી વ્યક્તિઓની કોઈ ઊંડાણ પૂર્વકની તપાસ પણ બિલ્ડીંગ માલિકો ધ્વારા કરાતી નહીં હોવાથી થોડાક સમય પહેલા પલસાણા વિસ્તારમાં અસામાજિક તત્વો ધ્વારા **M.D** ડ્ર્ગ્સ, નાર્કોટીકસ જેમાં ગાંજો, ચરસ,ભાંગ, અફીણ, દારૂ વિગેરે જેવા નશીલા પદાર્થો પકડાયા હતા. જે બિલ્ડીંગ માલિકોની બેદરકારી અને બેજવાબદારીનો નમૂનો છે. કારણકે બિલ્ડીંગ માલિકો ધ્વારા એ તપાસ નથી કરાતી કે રૂમ ભાડે લેનાર ક્યાં નોકરી કરે છે? એના ઓળખના પુરાવાઓ પણ અસલ છે કે નકલી? એના શું ગોરખધંધા છે? આવી કોઈ જીણવટભરી પણ તપાસ કર્યા વગર રૂમો ભાડે આપી દેવાય છે.

આમ આ સમગ્ર પ્રકરણમાં જેમ અધિકારીઓ અને પદાધિકારીઓ જેટલા જવાબદાર છે એનાથી વધુ જવાબદારી સ્થાનિક પોલીસ તંત્રની છે. કારણકે એણે પોતે માલિકો પાસેથી ભાડૂતોની માહિતી એકત્રીત કરી તપાસ કરવાની હોય છે. એને બદલે ભ્રષ્ટાચારથી ખદબદતું પોલીસ તંત્ર પોતાની જવાબદારીવાળા વિસ્તારોમાં આવી બિલ્ડીંગો હોય એવા બિલ્ડીંગ માલિકોને સ્થાનિક પોલીસ એમના મળતિયાઓ ધ્વારા હોળી,દિવાળી કે વાર-તહેવારે જેતે પોલીસ સ્ટેશનોમાં બોલાવી પોતાનો વહીવટ કરાવતા હોય છે. આ ખેલમાં કેટલાક અધિકારીઓ સારી રીતે નશીલા પદાર્થોના વેપલાને જાણતા હોવા છતાં આંખ આડા કાન કરીને પોતાનો ઉલ્લુ સિધો કરી લેતા હોવાને કારણે પણ ડ્ર્ગ્સનો વેપાર ચાલતો રહેતો હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે આવી ઓછી ગુણવત્તાવાળી બિલ્ડીંગો ભૂતકાળમાં પણ ધરાસાઈ થઈ ને કેટલાય ના જાન-માલ ને નુકશાન કરેલ છે. ઉપરાંત આ રૂમોમાં રહેતા મજૂર કામદારો વચ્ચે કોઈ વાદ-વિવાદને લઈ તકરાર કે મારામારી માં કોઈનું મૃત્યુ થાય તો એને પણ આત્મહત્યામાં ખપાવી પૂરતી તપાસ નહીં કરીને મૃત્યુ પામનારના પરિવારને ડેથબોડી સુપ્રત કરી દેતા હોય છે. આનાથી વધુ શરમ જનક શું હોય શકે? આમ ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતો મજૂર વર્ગ ભગવાન ભરોસે પોતાની જીંદગી વિતાવી પોતાનું અને પરિવારનું ભરણપોષણ કરતો હોય છે.

# કાળા પૈસાથી ખેતીની જમીનો ખરીદવાના કારણે ખેતીનો સટ્ટો ચાલુ થયો : ગોપાલ ઈટાલીયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




વિધાનસભા સત્રના બીજા દિવસે આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ વિધાનસભા ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે વિધાનસભા સત્રના બીજા દિવસે સૌરાષ્ટ્ર ઘર ખેડ ગણોત અધિનિયમમાં સુધારો કરતુ બીલ લાવવામાં આવ્યુ છે. આ બીલ ગૃહમાં પસાર થયુ અને આ બીલ ખુબ જ મહત્વનુ હતું.

મારા વિસાવદર વિસ્તારમાં ૯૦ ટકા લોકો ખેતી સાથે જોડાયેલા છે અને ખેતી કરતા લોકો સાથે અન્યાય ન થાય એ માટે આ બીલમાં મે એક સુધારો સુચવ્યો હતો. પહેલા કાયદા વિશે વાત કહુ તો આ કાયદો કહે છે કે ૧૯૪૮ થી નકકી થયુ છે કે બિન ખેડુત વ્યકિત ખેતીની જમીન ખરીદી શકતો નથી. પણ ગુજરાતમાં કેટલાક લોકોએ પોતાની બે નંબરની કાળી કમાણીને છુપાવવા માટે ખેડુત ન હોવા છતાં પણ ખોટી રીતે ખેડુત ખાતેદાર બનીને ખેતીની જમીનો ખરીદી છે અને આ રીતે કાળા પૈસાથી ખેતીની જમીનો ખરીદવાના કારણે ખેતીનો સટ્ટો ચાલુ થયો, ખેતીની જમીનમાંથી ખેડુતોનો હકક નિકળી જાય એ પ્રકારની કામગીરી આખા ગુજરાતમાં થઈ રહી છે. સરકારે આ બીલમાં એવુ જાહેર કર્યુ કે જે પણ બિનખેડુત વ્યકિત ખોટી રીતે જમીન ખરીદશે તો તેની પાસે જંત્રીના ૩ ઘણા રૂપીયા દંડ રૂપે વસુલવામાં આવશે, તો મે આ બીલમાં કેટલાક સુધારા જણાવ્યા, જો કોઈ વ્યકિત ખોટી રીતે ખેતીની જમીન ખરીદે છે તો દંડની સાથે સાથે ખોટા ખેડુતને અસલી ખેડુત બનાવનાર અધિકારી વિરૂધ્ધ પણ કાર્યવાહી થવી જોઈએ અને સજા થવા જોઈએ. દુઃખની બાબત એ છે કે સરકારે મારો સુધારો માન્ય રાખ્યો નહી, કોઈપણ બિનખેડુત માણસ ત્યારે જ ખેડુત ખાતેદાર બની શકે જયારે એક સરકારી કર્મચારીની સહી થાય તો આ કામ કરવા માટે સરકારી માણસને સજા કેમ ન થાય ?

વધુમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યુ કે મે બીજો સુધારો જણાવ્યો કે તમે દંડ તો લઈ લેશો પરંતુ એ વ્યકિત જે ખેડુત નથી એને ભવિષ્યમાં પણ કયારેય પણ ખેડુત ખાતેદાર ન બનાવવામાં આવે એવો નિયમ બનાવવામાં આવે, તો આ રીતે મે વિરોધ પક્ષના નેતા તરીકે મારો વિરોધ નોધાવ્યો અને સુધારા જણાવ્યા પરંતુ દુઃખ સાથે જણાવવુ પડે છે કે ગુજરાતમાં ખેડુત વિરોધી માનસિકતા ધરાવનાર બહુમતી ધરાવતી સરકારે ખેડુતોને નુકશાન થાય, ખેત મજુરો અને ગણોતીયાને નુકશાન થાય તેવુ બીલ બહુમતીના જોરે વિધાનસભામાં પાસ કર્યુ છે. તેના કારણે આવનારા સમયમાં કદાચ ગણોતીયાઓ અને ખેતી મજુરી કરનારા અને ખેતીની જમીન ધારણ કરનારા લોકોને ખુબ મોટી તકલીફ પડી શકે તેમ છે. ચાલુ સત્ર છે તો અમે આશા રાખીએ છીએ કે સરકારના મનમાં ખેડુતો પ્રત્યે કોઈ ભાવ જાગે તો બીજી વખત આવો એક સુધારા વિધેયક એક લઈ આવે અને આ ખોટા કામોની સજા કરતુ એક વિધેયક લઈને આવે.

### AAP નેતા ઈસુદાન ગઢવીએ બજેટને વખોડ્યું

# બજેટ ખેડૂતો, યુવાનો, મહિલાઓ અને ગરીબ વર્ગની વાસ્તવિક જરૂરિયાતોને પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયું: ઈસુદાન ગઢવી

**ખેતી ખર્ચ, MSP અને મફત વીજળી મુદ્દે સરકારે કોઈ સ્પષ્ટ પ્રાવધાન કર્યું નથી: ઈસુદાન ગઢવી**




અમદાવાદ/ગુજરાત

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા દ્વારા એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પત્રકાર પરિષદને સંબોધતા આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે આજે સરકાર દ્વારા રજૂ કરાયેલું બજેટ ખેડૂતો, યુવાનો, મહિલાઓ અને ગરીબ વર્ગની વાસ્તવિક જરૂરિયાતોને પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયું છે. ખેડૂતોને ખેતી ખર્ચ, સિંચાઈ માટે પૂરતું પાણી, યોગ્ય અને પૂરતી એમએસપી, દિવસ દરમિયાન મફત અથવા સસ્તી વીજળી અને ખાનગી બીજ-ખાતરની કંપનીઓથી રાહત જેવી મૂળભૂત જરૂરિયાતો છે. પરંતુ સરકારે ખેડૂતો માટે કોઈ સ્પષ્ટ અને અસરકારક પ્રાવધાન કર્યું નથી. સુજલામ સુફલામ યોજના હેઠળ ફક્ત રૂા.૧,૫૪૦ જેવી રકમ આપવામાં આવે છે, જે ખેડૂતો માટે અપર્યાપ્ત છે. કાયદા બનાવવામાં આવે છે, પરંતુ ખેડૂતોને વાસ્તવિક લાભ મળતો નથી. એક લાખથી વધુ નાગરિકો સરકારી રાશન પર નિર્ભર છે. રાશન વ્યવસ્થામાં ભ્રષ્ટાચાર રોકવા માટે કોઈ મજબૂત પગલાં લેવાયા નથી. પંજાબ અને દિલ્હીમાં ઘર સુધી રાશનની ડિલિવરીની વ્યવસ્થા છે, પરંતુ ગુજરાતમાં આવી કોઈ વ્યવસ્થા નથી. યુવાનો અંગે તેમણે જણાવ્યું કે રાજ્યમાં અંદાજે ૫૦ લાખ બેરોજગાર યુવાનો છે. સરકારી ભરતી માટે પારદર્શક કેલેન્ડર જાહેર કરવામાં આવતું નથી અને ઘણી ભરતી આઉટસોર્સિંગ દ્વારા કરવામાં આવે છે. પરીક્ષાઓ મર્યાદિત જગ્યાઓ માટે લેવાય છે, જેના કારણે યુવાનો નિરાશા અનુભવે છે. રોજગારના અભાવે યુવાનો ખોટી દિશામાં વળી રહ્યા હોવાની ચિંતા ઈસુદાન ગઢવી દ્વારા વ્યક્ત કરવામાં આવી. **AAP** નેતા ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે ભાજપ બિહાર મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં મહિલાઓના ખાતામાં સીધી આર્થિક સહાય આપે છે, પરંતુ ગુજરાતની બેન-દીકરીઓ વર્ષોથી ભાજપને વોટ આપે છે પરંતુ ભાજપે એમને એક પૈસો પણ આપવાની યોજના જાહેર કરી નહીં. રાજસ્થાનમાં ૪૫૦ રૂપિયામાં ગેસ સિલિન્ડર આપવામાં આવે છે, પરંતુ ગુજરાતમાં નથી આપવામાં આવતો. આશાવર્કર અને આંગણવાડી બહેનોને યોગ્ય વેતન અને સુવિધાઓ મળતી નથી. મહિલાઓને મફત આરોગ્ય સેવા, શિક્ષણ અને અન્ય કલ્યાણકારી સુવિધાઓ અંગે કોઈ નવી જાહેરાત કરવામાં આવી નથી. સારી શાળાઓ, સારી હોસ્પિટલો અને મફત વીજળી જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં સરકાર નિષ્ફળ રહી છે. **MSME** માટે ૧૭૦૦ કરોડની જાહેરાત કરવામાં આવી, જ્યારે ગુજરાતમાં ૩૦ લાખથી વધુ **MSME** છે. નાના ઉદ્યોગો પાસેથી તો અધિકારીઓ વધારે હપ્તો લઈ લેતા હશે. **MSME** બંધ થાય એવા કામો સરકારે કર્યા છે. મધ્યમ વર્ગ ભાજપનો સૌથી મોટો મતદાર છે, પણ ભાજપે મધ્યમ વર્ગને શું આપ્યું?? પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર મફત વીજળી આપે છે જેથી લોકોને મોંઘવારીમાં રાહત મળે છે. પણ ગુજરાતમાં સરકારે આવું કશું કર્યું નથી કે જેનાથી મધ્યમ વર્ગને થોડી રાહત મળી.

પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ઘણા ખેડૂતોએ આત્મહત્યા કરી. એમએસપીની સંપૂર્ણ ખરીદી માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. પંજાબમાં ખેડૂતનો બધો પાક **MSP**થી ખરીદવામાં આવે છે અને **MSP**ના ભાવથી નીચે પ્રાઈવેટ ખરીદારો પણ પાક ખરીદી શકતા નથી. ઈસુદાન ગઢવીએ આ બજેટને “કોપી-પેસ્ટ” બજેટ ગણાવી કહ્યું કે તેમાં થોડાક આંકડાકીય ફેરફારો સિવાય કોઈ નવી દિશા કે દ્રષ્ટિ દેખાતી નથી. આ બજેટથી ખેડૂતો, યુવાનો, મહિલાઓ, મજૂરો અને ગરીબ વર્ગમાં કોઈ નવી આશા જન્મી નથી. તેમણે દાવો કર્યો કે ગુજરાતની જનતા હવે જાગૃત થઈ ગઈ છે અને યોગ્ય વ્યવસ્થા ન થાય તો આવનારી ચૂંટણીઓમાં સરકારને તેનો જવાબ આપશે.

# ખેડુતોએ તેમના સંપૂર્ણ દેવા માફીની જાહેરાત બજેટમાં થવી જોઈએ: બજેટ રજુ થાય તે પહેલા જ કોંગ્રેસનો પોસ્ટર વિરોધ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




ગુજરાતમાં વર્ષ ૨૦૨૬-૨૭ નુ બજેટ રજુ થાય તે પહેલા જ રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. કોંગ્રેસના ધારાસભ્યોએ વિધાનસભા બહાર પોસ્ટર પ્રદર્શન કરીને સરકાર સામે વિરોધ વ્યકત કર્યો હતો. બજેટ પહેલા કોંગ્રેસે પ્રજા લક્ષી મુદ્દાઓને પ્રાથમિકતા આપવા સરકારને અનુરોધ કર્યો હતો. પ્રજાના કરમાંથી બનતા બજેટમાં પ્રજાલક્ષી બાબતોને સ્થાન મળવુ જોઈએ. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ કહયુ હતુ કે પ્રજાના કર માં થી બનતા બજેટમાં પ્રજાલક્ષી બાબતોને સ્થાન મળવુ જોઈએ. બજેટ માત્ર સરકારની વાહવાહી, મોટા ઉદ્યોગો કે રાજકીય એજન્ડા પુરતુ મર્યાદીત ન રહેવુ જોઈએ. તેમણે માંગણી કરી હતી કે ખેડુતોના સંપૂર્ણ દેવા માફીની જાહેરાત બજેટમાં થવી જોઈએ, સાથે જ રાજયમાં ખાલી પડેલા સરકારી પદો માટે ભરતીનુ કેલેન્ડર જાહેર કરવુ જોઈએ, કોંગ્રેસે પેન્શનમાં વધારો કરવાની પણ માંગ કરી હતી. અમિત ચાવડાએ વિધવા પેન્શન અને દિવ્યાંગ જુથો માટેની પેન્શનમાં વધારો કરવાની પણ માંગ કરી હતી. તેમણે અન્ય ભાજપ શાસિત રાજયોની જેમ ગુજરાતમાં બહેનોને ૫૦૦ રૂપીયામાં ગેસ બોટલ આપવાની તેમજ દર મહિને ૩ હજાર રૂપીયાની સહાય ભેટ આપવાની જાહેરાતની માંગ કરી હતી. મોટા ઉદ્યોગો કરતા નાના ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપતી યોજનાઓ લાવવા અને કર્મચારીઓ માટે ઓપીએસ (જુની પેન્શન યોજના ) ને સમર્થન આપવાની વાત પણ તેમણે કરી હતી.

બજેટ પહેલા વચનો આપવામાં આવે છે. પરંતુ તેનો અમલ થતો નથી. તો બીજી તરફ કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે જણાવ્યુ હતુ કે છેલ્લા ૩૦ વરસથી રાજયમાં ભાજપનુ શાસન છે અને બજેટ પહેલા વચનો આપવામાં આવે છે , પરંતુ તેનો અમલ થતો નથી. તેમણે આશા વ્યકત કરી કે આ વખતે ગરીબ, મધ્યમવર્ગ અને ખેડુતોને વાસ્તવિક રાહત મળે, ખેડુતો દેવામાં ડુબી રહયા છે ત્યારે તેમને બજેટમાં ખાસ રાહત આપવામાં આવે તેવી અપેક્ષા વ્યકત કરવામાં આવી છે.

## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - બુધવાર, ૧૮/૦૨/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૩૫ | ૪૭૦.00 | ૫૩૧.00 |
| ૨ | મગફળી | ૧૦ | ૧,000.00 | ૧,૨00.00 |
| ૩ | એરંડા | ૨૭ | ૧,૨૪૫.00 | ૧,૨૭૫.00 |
| ૪ | રાયડો | ૮૧ | ૯૭૫.00 | ૧,૧૫૩.00 |
| ૫ | બાજરી | 0 | ૩૯0.00 | ૪00.00 |
| ૬ | મકાઇ | ૬ | ૨૮0.00 | ૩૨૩.00 |
| ૭ | ચણા | ૩૭ | ૯૭0.00 | ૧,00૨.00 |
| ૮ | તુવર | ૮૨ | ૧,૨૩0.00 | ૧,૩૯0.00 |
| ૯ | વરીયાળી | 0 | ૧,000.00 | ૧,૪00.00 |
| ૧૦ | જીરૂ | 0 | ૨,000.00 | ૩,000.00 |
| ૧૧ | કપાસ | ૨૨૧ | ૧,૪૮૯.00 | ૧,૫૭૫.00 |
| ૧૨ | સોયાબીન | ૧૦ | ૯00.00 | ૧,00૮.00 |

મુનિભજી સોફ્ટવેર

# બિલ વગર દાગીના વેચનાર જ્વેલર યતીન શાહની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના ભાગળ રાજમાર્ગ પર આવેલી જ્વેલર્સ પેઢીઓ દ્વારા આચરવામાં આવતા મોટા ટેક્સ ચોરીના કૌભાંડનો જીએસટીની **DGGI** વિંગે પર્દાફાશ કર્યો છે. અંદાજે રૂ.૫૭૫ કરોડના સોના અને ચાંદીના દાગીના બિલ વગર વેચીને સરકારને કરોડો રૂપિયાનો ચૂનો ચોપડવાના આરોપમાં ’સુમિત સિલ્વર’ના માલિક યતીન સુમિતલાલ શાહની ધરપકડ કરવામાં આવી છે.

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

સી.એન.સી.ડી. વિભાગ,સેન્ટ્રલ સ્ટોર્સ વિભાગની અંદર,

જમાલપુર દરવાજા બહાર, અમદાવાદ-૩૮૦૦૦૧.

ફોન નંબર : ૦૭૯-૨૫૩૫૯૬૫૦.

cncd@ahmedabadcity.gov.in

શોર્ટ ઈ- ટેન્ડર નોટીસ નં.46/2025-26/CNCD/AMC


અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સી.એન.સી.ડી. ખાતા હસ્તકના કરૂણામંદિરોમાં તથા ડોગ વેલ્ફેર સેન્ટરમાં રાખવામાં આવતા પ્રાણીઓ માટે જરૂરી દુધ, દહિં, ઘઉનો લોટ, ઘી વિગેરે ખાદ્ય સામગ્રી પુરા પાડવાની કામગીરીમાં રસ ધરાવતી પાર્ટીઓ / એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડર મંગાવવામાં આવે છે. જે માટે ટેન્ડરરે વેબસાઈટ : https://tender.nprocure.com તથા www.ahmedabadcity.gov.in પરથી ટેન્ડર ડાઉનલોડ કરી તેમાં જણાવેલ પ્રક્રિયા સમયમાર્યદામાં અનુસરવાની રહેશે.

ડે.મ્યુનિસિપલ કમિશનર

(સી.એન.સી.ડી)

# ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડનુ બજેટ: ચાલુ વર્ષને પ્રવાસન વર્ષ તરીકે જાહેર કરાયું

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



ગુજરાતનુ વર્ષ ૨૦૨૬-૨૭ માટેનુ ઐતિહાસિક બજેટ આજે બુધવારે રજુ કરવામાં આવ્યુ હતું. રાજય સરકારે કુલ ૪ કરોડ ૦૮, ૦૫૩ કરોડનુ વિશાળ બજેટ રજુ કરીને વિકાસની દિશામાં મોટુ પગલુ ભર્યુ છે. આ બજેટમાં સમાજના દરેક વર્ગને આવરી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે અને વિવિધ ક્ષેત્રોને સંતુલીત પ્રાથમિકતા આપવામાં આવી છે. આ બાબતોમાં ભાર મુકાયો છે, આ બજેટમાં ખાસ કરીને ખેડુતો માટે કૃષિ અને સિંચાઈ યોજનાઓ, ગ્રામ વિકાસ અને કૃષિ આધારીત ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવ્યુ છે. મહિલાઓના સશકિતકરણ માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને સહાયની જોગવાઈઓ કરવામાં આવી છે. શિક્ષણ ક્ષેત્રે શાળાઓના આધુનિકીકરણ, ઉચ્ચ શિક્ષણ અને કુશળતા વિકાસ પર ભાર મુકાયો છે. રમત ગમત, કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા પણ વિશેષ ફાળવણી કરવામાં આવી છે. ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડનુ બજેટ આરોગ્ય, પોષણ અને સામાજિક સેવાઓ માટે આરોગ્ય સુવિધાઓનો વિસ્તાર, પોષણ કાર્યક્રમો અને ગરીબ વર્ગ માટેની સહાય યોજનાઓને મજબુત બનાવવામાં આવી છે.

પાણી પુરવઠા અને સ્વચ્છતા ક્ષેત્રે નળ થી જળ અને ગટર વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવાના પ્રયાસો કરાયા છે. ગૃહ અને શહેરી વિકાસ હેઠળ સસ્તા મકાનો, શહેરી ઈન્ફાસ્ટ્રકચર અને સ્માર્ટ સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉર્જા, ઉદ્યોગ અને ખાણ ક્ષેત્રે રોકાણ વધારવા, રોજગારી સર્જવા અને ઔદ્યોગિક વૃધ્ધિને વેગ આપવા માટે પણ જોગવાઈઓ કરવામાં આવી છે. આમ રૂપીયા ૪.૦૮ લાખ કરોડનુ આ બજેટ રાજયના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યુ છે. માર્ગ અને મકાન વિભાગ માટે કુલ ૨૯૭૦૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજયના વિકાસ માટે માર્ગો અને પુલોના માળખાને વધુ સુદ્રઢ બનાવવામાં આવશે. જરૂરીયાત મુજબના તથા ભારે ટ્રાફીક ધરાવતા રસ્તાઓને હાઈસ્પીડ કોરીડોરમાં અપગ્રેડ અને નિર્માણ કરવાનુ આયોજન છે. રાજયના માર્ગો અને પુલની કામગીરી માટે રૂપીયા ૧૦૦૦૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના કામો માટે રૂપીયા ૫૬૦૦ કરોડની જોગવાઈ, આદિજાતિ વિસ્તારના રસ્તા અને પુલની કામગીરી માટે રૂપીયા ૯૫૦ કરોડની જોગવાઈ, અલગ અલગ ૪/૬ માર્ગીય બીઓટી પ્રોજેકટ માટે રૂપીયા ૧૬૩૩ કરોડની જોગવાઈ, ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા અગત્યના પ્રોજેકટ માટે રૂપીયા ૭૭૪ કરોડ ની જોગવાઈ, ડીએફસીસી તથા રેલ્વે કોંસિંગ પર ઓવરબ્રિજ બાંધવાની કામગીરી અન્વયે રૂપીયા ૫૦૦ કરોડની જોગવાઈ, અમદાવાદ અને ગાંધીનગર ખાતે સરકારી કર્મચારીઓના રહેણાંક મકાનો માટે રૂપીયા ૩૧૨ કરોડની જોગવાઈ, વિવિધ જિલ્લાઓમાં સરકારી મકાનોના મજબુતીકરણ અને માળખાગત સુધારણાના કામો માટે રૂપીયા ૨૦૦ કરોડની જોગવાઈ, રસ્તાઓ માટે ની કામગીરી માટે રૂપીયા ૧૫૦ કરોડની જોગવાઈ, વાવ થરાદ જિલ્લામાં જિલ્લા સેવા સદન અને નવા રચાયેલા ૧૭ તાલુકાઓમાં તાલુકા સેવા સદનનુ નિર્માણ કરવા માટે રૂપીયા ૧૩૮ કરોડની જોગવાઈ, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની કામગીરી માટે રૂપીયા ૪૦૦ કરોડની જોગવાઈ, મુખ્ય રાજય ધોરીમાર્ગો પર સલામતી સુરક્ષા અને ટ્રાફીક પરીવહન માટે ઈન્ટેલીજન્ટ ટ્રાફીક સિસ્ટમ લાગુ કરવા માટે રૂપીયા ૪૦ કરોડની જોગવાઈ, વ્હાઈટ ટોપીંગ રસ્તાની કામગીરી માટે રૂપીયા ૩૨ કરોડની જોગવાઈ, જીએઆરસી ભલામણ હેઠળ વિવિધ (બિલ્ડીંગ સાઈનેજ, જાળવણી, સુચન બોક્ષ વગેરે) કામગીરી કરવા માટે રૂપીયા ૨૫ કરોડની જોગવાઈ, સરકારી મકાનોમાં અનિવાર્ય સેવાઓ માટેના પ્રસ્થાપિત વિજળીકરણના સાધનોની વાર્ષિક મરામત અને જાળવણી માટે રૂપીયા ૨૦ કરોડની જોગવાઈ, સરકારી મકાનોમાં ઉર્જા બચત કરવા જરૂરી ઓટોમેશન સિસ્ટમ કાર્યરત કરવા માટે રૂપીયા ૧૪ કરોડની જોગવાઈ, ગુજરાત રોડ એસેટ મેનેજમેન્ટ સિસ્ટમના અમલીકરણ અંતર્ગત ડેટા સંગ્રહ માટે રૂપીયા ૧૦ કરોડની જોગવાઈ, રાજય ધોરી માર્ગો પર ટેકનીકલ ઓડીટ અને ગુણવત્તા નિયંત્રણ માટે રૂપીયા ૧૦ કરોડની જોગવાઈ, કેશોદ એરપોર્ટ થી વિવિધ પ્રવાસન / ધાર્મિક સ્થળો સુધીના રસ્તાઓનુ બાંધકામ અને સુધારણા કરવાનુ આયોજન રમત-ગમત યુવા, અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ માટે કુલ રૂપીયા ૨૦૦૦૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજયના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવા તથા યુવાનો અને રમત વીરોને પ્રોત્સાહન આપી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિધ્ધીઓ પ્રાપ્ત કરી શકે અને તેમની પ્રતિભાનો દેશ અને દુનિયાને પરીચય થાય તેવા આયોજનો અમારી સરકારે સફળતાપૂર્વક અમલમાં મુકયા છે.

રમત ગમત ક્ષેત્રે ૧૩૩૧ કરોડની જોગવાઈ, અમદાવાદને ઓલમ્પિક રેડીસીટી બનાવવા અને એસવીપી સ્પોર્ટસ એન્કલેવના વિકાસ માટે રૂપીયા ૫૦૦ કરોડની જોગવાઈ, વિવિધ જિલ્લાઓમાં સ્પોર્ટસ કોમ્પલેક્ષના ઈન્ફાસ્ટ્રકચરના વિકાસ માટે રૂપીયા ૧૬૫ કરોડની જોગવાઈ, અમદાવાદ અને ગાંધીનગર ખાતે રમત ગમતને લગતી આંતર માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે રૂપીયા ૧૦૧ કરોડની જોગવાઈ, કરાઈ ખાતે ઓલમ્પિક કક્ષાનુ ઈન્ફાસ્ટ્રકચર ઉભુ કરવા રૂપીયા ૧૦૦ કરોડની જોગવાઈ, ગાંધીનગર ખાતે પેરા હાઈ પરફોર્મન્સ સેન્ટરના નિર્માણ માટે રૂપીયા ૧૦૦ કરોડની જોગવાઈ, વૈશ્વિક કક્ષાના હોકી સ્ટેડીયમના નિર્માણ માટે રૂપીયા ૯૦ કરોડની જોગવાઈ, પુરાતત્વ અને સંગ્રહાલય ક્ષેત્રે રૂપીયા ૨૨૬ કરોડની જોગવાઈ, રાજય રક્ષિત પુરાતત્વીય સ્મારકોના વિકાસ અને સંરક્ષણ માટે રૂપીયા ૫ કરોડની જોગવાઈ, ગ્રંથાલયો માટે રૂપીયા ૧૮૨ કરોડની જોગવાઈ, જિલ્લા તથા તાલુકા ગંથ્રાલયોના નિર્માણ માટે રૂપીયા ૧૨૮ કરોડની જોગવાઈ, ૪ સ્માર્ટ જિલ્લા ગ્રંથાલયોના વિકાસ માટેનુ આયોજન છે. નવરચિત ૧૭ તાલુકા મથકો ખાતે નવા ગ્રંથાલયો શરૂ કરવાનુ આયોજન છે. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગુજરાતની ધરોહરને ઉજાગર કરવા સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન માટે રૂપીયા ૮ કરોડની જોગવાઈ, નિયામક અભિલેખાગાર હસ્તકની કચેરીઓના આર્કાઈવલ રેકર્ડના સંરક્ષણ અને પુનઃ સ્થાપન માટે રૂપીયા ૩ કરોડની જોગવાઈ, અન્ન નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ માટે કુલ રૂપીયા ૨૮૫૬ કરોડની જોગવાઈ, ૭૫ લાખ એનએફએસએ કાર્ડ ધારકોને અન્ન સુરક્ષાની સાથોસાથ પ્રોટીનયુકત પોષણક્ષમ આહાર મળી રહે તે માટે રાહતદરે કઠોળના વિતરણ માટે રૂપીયા ૮૪૨ કરોડની જોગવાઈ, એનએફએસએ કાર્ડ ધારકોને યોજના મુજબ અન્ન પુરૂ પાડવા રૂપીયા ૭૦૦ કરોડની જોગવાઈ, પ્રધાનમંત્રી ઉજજવલ યોજના અને પીએનજી / એલપીજી સહાય યોજના અંતર્ગત વર્ષમાં ૨ સીલેન્ડર વિના મુલ્યે રીફીલીંગ કરી આપવા માટે રૂપીયા ૪૨૫ કરોડ ની જોગવાઈ, રાજયના ૮ લાખ અંત્યોદય તથા ૨૪ લાખ બીપીએલ એમ મળી કુલ ૩૨ લાખ લાભાર્થી કુટુંબોને દર માસે રાહતદરે ખાંડના વિતરણ માટે રૂપીયા ૨૦૮ કરોડની જોગવાઈ, એનએફએસએ તથા નોન એનએફએસએ હેઠળના બીપીએલ લાભાર્થીઓને જન્માષ્ટમી અને દિવાળીના તહેવાર નિમિત્તે કુટુંબ દીઠ રૂપીયા ૧૦૦ પ્રતિ લીટરના રાહત ભાવે સીંગતેલના વિતરણ માટે રૂપીયા ૧૧૭ કરોડની જોગવાઈ, વ્યાજબી ભાવના દુકાન સંચાલકોને હાલ મળતા કમિશનમાં વધારો કરીને રૂપીયા ૧૮૫ પ્રતિ કિવન્ટલ કરવા માટે રૂપીયા ૬૭ કરોડની જોગવાઈ, ૭૫ લાખ એનએફએસએ લાભાર્થી કુટુંબોને કાર્ડ દીઠ ૧ કિલો ડબલ ફોર્ટીફાઈડ મીઠાનુ રૂપીયા ૧ પ્રતિ કિલો ગ્રામના અત્યંત રાહતદરે વિતરણ માટે રૂપીયા ૫૯ કરોડની જોગવાઈ, શ્રી અન્ન (મીલેટ) ના વપરાશને પ્રોત્સાહન આપવા બાજરી, જુવાર, રાગી (નાગલી) ની ખરીદી પર ખેડુતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી લઘુત્તમ ટેકાના ભાવ ઉપરાંત રૂપીયા ૩૦૦ પ્રતિ કિવન્ટલ પ્રોત્સાહક બોનસની જોગવાઈ, કાનુની માપ વિજ્ઞાન તંત્ર માટે કુલ ૬૭ જેટલા વર્કિંગ સ્ટાન્ડર્ડ લેબોરેટરીના સાધનોની ખરીદી માટે રૂપીયા ૨૮ કરોડની જોગવાઈ, એનએફએસએ લાભાર્થીઓને અન્ન પુરવઠો સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે જિલ્લા દીઠ એક વ્યાજબી ભાવની દુકાન પર પ્રાયોગીક ધોરણે અન્ન પુર્તિ કાર્યરત માટેનુ આયોજન છે.

## આરોગ્ય ક્ષેત્રે રૂ.૨૫૪૦૩ કરોડની માતબર ફાળવણી: મધ્યમવર્ગ માટે રૂ.૧૦ લાખ સુધીની મફત સારવાર

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજયના નાગરીકોની સુખાકારી અને પહેલુ સુખ તે જાતે નર્યા ની વિભાવનાને સાર્થક કરવા માટે ગુજરાત સરકારે ચાલુ નાણાંકીય વર્ષ ના બજેટમાં આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ માટે કુલ રૂપીયા ૨૫૪૦૩ કરોડની ઐતિહાસિક જોગવાઈ કરી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકાર દ્વારા રજુ કરવામાં આવેલા આ બજેટમાં છેવાડાના માનવી સુધી આધુનિક તબીબી સેવાઓ પહોંચાડવા માટે વિશેષ ભાર મુકવામાં આવ્યો છે.

ખાસ કરીને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને મુખ્યમંત્રી અમૃતમ્ (મા) યોજના હેઠળ ગરીબ અને મધ્યમ વર્ગના અંદાજે ૨ કરોડ ૭૨ લાખ લાભાર્થીઓને વાર્ષિક રૂપીયા ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર પુરી પાડવા માટે સરકારે રૂપીયા ૩૪૭૨ કરોડ ફાળવ્યા છે. જે રાજયના આરોગ્ય સુરક્ષા કવચને વધુ મજબુત બનાવશે.

રાજયમાં તબીબી શિક્ષણ અને માળખાગત સુવિધાઓના વિસ્તરણ માટે જીએમઈઆરએસ સંચાલીત મેડીકલ હોસ્પીટલો પાછળ રૂપીયા ૧૮૫૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે, જયારે સરકારી મેડીકલ કોલેજોમાં આધુનિક ઉપકરણો વસાવવા માટે રૂપીયા ૨૦૦ કરોડની અલગથી જોગવાઈ કરવામાં આવી છે. શહેરી વિસ્તારોમાં વધતા રોગોના ભારણને પહોચી વળવા અમદાવાદ અને સુરત ખાતે નવી મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પીટલો તેમજ કેન્સર, કાર્ડિયાક ન્યુરો અને યુરો નેફરો જેવી સુપર સ્પેશ્યાલીસ્ટ સેવાઓ માટે રૂપીયા ૫૦૦ કરોડ ફાળવાયા છે. આ ઉપરાંત શ્રેષ્ઠ ગુજરાત પ્રોજેકટ હેઠળ બિન ચેપી રોગોના નિયંત્રણ માટે રૂપીયા ૫૦૨ કરોડ ખર્ચવાનુ આયોજન છે.

સ્પેશ્યાલીટી સંસ્થાઓના વિકેન્દ્રીકરણ પર ભાર મુકતા અમદાવાદની યુ એન મહેતા ઈન્સ્ટિટયુટ ઓફ કાર્ડિયોલોજી , કીડની હોસ્પીટલ અને કેન્સર ઈન્સ્ટિટયુટના સેટેલાઈટ સેન્ટરો સુરત, રાજકોટ, ભાવનગર, પોરબંદર અને ગોધરા જેવા શહેરોમાં વિકસાવવા માટે કુલ રૂપીયા ૫૦૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજકોટની પીડીયુ હોસ્પીટલને ૧ હજાર બેડની ક્ષમતા સાથે અપગ્રેડ કરવા રૂપીયા ૯૦ કરોડ અને ૬ સીવીલ હોસ્પીટલોમાં કલોઝ સિસ્ટમ આઈસીયુ માટે રૂપીયા ૬૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. આરોગ્ય ક્ષેત્રે માનવ સંશાધન વિકાસ માટે સુરત અને વડોદરામાં સ્ટાફ કવાર્ટસ તથા હોસ્ટેલ નિર્માણ માટે અંદાજે રૂપીયા ૧૦૦ કરોડની જોગવાઈ છે.

માતૃ બાળ કલ્યાણ અને પાયાની સુવિધાઓ માટે સરકારે વલસાડ, ડાંગ અને નર્મદા જેવા અંતરીયાળ જિલ્લાઓના સામુહિક આરોગ્ય કેન્દ્રો માટે રૂપીયા ૨૮ કરોડ તેમજ ૨૫૦ નવી ખીલખીલાટ વાન ખરીદવા રૂપીયા ૧૬ કરોડ ફાળવ્યા છે. બાળકોના સ્વાસ્થ્ય માટે સ્કુલ હેલ્થ રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ ૦ થી ૧૮ વરસના બાળકોને હેલ્થ કાર્ડ આપવામાં આવશે. ટીબીના દર્દીઓના પોષણ માટે તૈયાર નાસ્તો આપવા અને નાના બાળકોની સંભાળ માટે હોમ બેઝડ કેર જેવી નવીન યોજનાઓ દ્વારા સરકાર સાર્વત્રિક આરોગ્ય સુરક્ષાના લક્ષ્ય તરફ આગળ વધી રહી છે.

## પોલીસ પરીવારો માટે આવાસ બનાવવા રૂ.૧૫૭૪ કરોડની ફાળવણી : ૨૦૪૪૪ નવા આવાસો બનાવાશે

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજય સરકારનુ મહત્વકાંક્ષી બજેટ આજે બુધવારે રજુ કરવામાં આવ્યુ હતું. અને નવી યોજનાઓની સાથોસાથ લોકો માટે પણ અનેક લાભકારી યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જે પૈકી કાયદો અને વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા સલામતીના પગલા લઈ રાજય સરકારના ૬.૪૦ લાખ જેટલા કર્મચારીઓને તબીબી સુરક્ષા કવચની સાથોસાથ ગુજરાત પોલીસ માટે ૫ વરસમાં ૨૦૪૪૪ નવા આવાસો બનાવવા માટે રૂપીયા ૧૫૭૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

કાયદો અને વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા તેમજ માર્ગ સલામતીના પગલા વધારવા રાજયની કટોકટી સેવાઓને ડાયલ ૧૧૨ જનરક્ષક પ્રોજેકટ હેઠળ આવરી લીધેલ છે. જેથી ઈમરજન્સી રીસ્પોન્સ સમયમાં વધુ ઘટાડો થશે. જેના અસરકારક અમલીકરણ માટે વિવિધ સંવર્ગનુ ૩ હજાર માનવબળ ઉભુ કરવાનુ આયોજન છે. પીએમજેએવાય ના ધોરણે રાજય સરકારના ૬ લાખ ૪૦ હજાર જેટલા કર્મયોગીઓ તેમજ પેન્શનરોને રૂપીયા ૧૦ લાખ સુધીની કેશલેસ તબીબી સારવારનુ સ્વાસ્થ્ય સુરક્ષા કવચ પુરૂ પાડવામાં આવી રહયુ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અમારી સરકાર અર્નિંગ વેલ લીવીંગ વેલ પર ફોકસ કરીને આયોજનબધ્ધ રીતે આગળ વધી રહી છે.

## મહેસુલ વિભાગ માટે રૂ. ૫,૫૫૨ કરોડની જોગવાઈ કરવામાં આવી: આપત્તિ વ્યવસ્થાપન માટે પણ વિશેષ ફંડ ફાળવવામાં આવ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




જમીન વ્યવસ્થાપન, આવક વહિવટ , આપત્તિ વ્યવસ્થાપન અને નાગરીક સેવાઓને વધુ કાર્યક્ષમ અને પારદર્શક બનાવવાનો હેતુ છે. રાજય સરકારનો મુખ્ય ઉદેશ મહેસુલ સંબંધી પ્રક્રિયાઓને ઝડપી, ડીઝીટલ અને જનમૈત્રી બનાવવાનો છે. આ જોગવાઈ હેઠળ જમીનના રેકોર્ડના ડીઝીટાઈઝેશનને વધુ વેગ આપવામાં આવશે, ગ્રામ્ય સ્તરેથી લઈને જિલ્લા કચેરી સુધીની જમીન સંબંધીત નોંધો ઓનલાઈન ઉપલબ્ધ કરાવવાનો પ્રયાસ કરવામાં આવશે, જેથી સામાન્ય નાગરીકોને કચેરીના ધકકા ખાવા ન પડે, ઈ-ધરતી અને ઓનલાઈન નમુના સેવાઓને મજબુત બનાવી પારદર્શિતા વધારવામાં આવશે. આ ઉપરાંત આપત્તિ વ્યવસ્થાપન માટે પણ વિશેષ ફંડ ફાળવવામાં આવ્યુ છે. પુર, ચક્રવાત કે કુદરતી આફત જેવી પરીસ્થિતિમાં તાત્કાલીક રાહત અને પુનઃવર્સન કામગીરી ઝડપી થાય તે માટે સજજતા વધારવામાં આવશે. ખેડુતોને પાક નુકશાનની ભરપાઈ સમયસર મળી રહે તે માટે ટેકનોલોજી આધારીત સર્વે વ્યવસ્થા અમલમાં મુકવાની યોજના છે. મહેસુલ કચેરીઓના આધુનિકીકરણ, સ્ટાફ ટ્રેનીંગ અને ઈન્ફાસ્ટ્રકચરના વિકાસ માટે પણ આ રકમનો ઉપયોગ થશે.

નાગરીકોને સરળતા અને ઝડપી સેવા મળે તે માટે સીંગલ વિન્ડો સિસ્ટમને વધુ અસરકારક બનાવવામાં આવશે, રૂપીયા ૫,૫૫૨ કરોડની આ જોગવાઈ રાજયના પ્રશાસનને વધુ પારદર્શક , જવાબદાર અને કાર્યક્ષમ બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે, મહેસુલ વિભાગની મજબુતી રાજયના સર્વાંગી વિકાસમાં મહત્વનો આધારસ્તંભ બની રહેશે.

## ઈલેકટ્રીક ટુ વ્હીલર અને થ્રી વ્હીલર ખરીદનાર માટે સરકાર સબસીડી આપશે : સબસીડી માટે રૂપીયા ૧૬ કરોડની જોગવાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત બજેટ ૨૦૨૬ માં બેટરી સંચાલીત ઈલેકટ્રીક ટુ વ્હીલર અને થ્રી વ્હીલરના વપરાશને પ્રોત્સાહન આપવા માટે મોટી જાહેરાત કરવામાં આવી છે. ગુજરાત બજેટ ૨૦૨૬ ભાષણમાં નાણાંમંત્રી કનુ દેસાઈએ કહ્યુ હતુ કે બેટરી સંચાલીત ટુ વ્હીલર અને થ્રી વ્હીલર વાહનોની ખરીદી પર સબસીડી આપવા માટે ૧૬ કરોડ રૂપીયાની જોગવાઈ કરવામાં આવી છે.

ઉપરાંત રાજયમાં ઈલેકટ્રીક વ્હીકલસ ચાર્જીંગ સુવિધાઓના વિકાસ માટે ૫૦ કરોડ રૂપીયાની બજેટ ફાળવણી કરવામાં આવી છે. ગુજરાત બજેટ ૨૦૨૬ માં કલાઈમેન્ટ ચેન્જ વિભાગ માટે કુલ રૂપીયા ૪૨૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાતે કલાઈમેન્ટ એકશન ટ્રેકર પોર્ટલ લોન્ચ કરી દેશમાં કલાઈમેન્ટ સુચકાંકો સંબંધીત માહિતી જિલ્લા સ્તરે પ્રદર્શીત કરતુ પોર્ટલ બનાવનાર દેશના પ્રથમ રાજય તરીકેનો દરજજો પ્રાપ્ત કરેલ છે. સરકારી કચેરીઓની છત પર સોલર રૂફ ટોપ સિસ્ટમ સુવિધા માટે રૂપીયા ૨૭૮ કરોડની જોગવાઈ, બેટરી સંચાલિત ટુ વ્હીલર અને થ્રી વ્હીલર વાહનોની ખરીદી પર સબસીડી આપવા ૧૬ કરોડની જોગવાઈ, ગૌ શાળાઓ, પાંજરાપોળ , શૈક્ષણિક સંસ્થાઓ, ટ્રસ્ટ વગેરે જેવી ૭૦ જેટલી સંસ્થાઓમાં બાયોગેસ પ્લાન્ટની સ્થાપના માટે રૂપીયા ૧૨ કરોડની જોગવાઈ, રાજયની શાળાના બાળકો માં મિશન લાઈફની જાગૃતતા વધારવા માટે રૂપીયા ૯ કરોડની જોગવાઈ, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત , નગરપાલિકા , મહાનગરપાલિકા હસ્તકના સ્મશાન ગૃહો માં ૧૨૦૦ સ્મશાન ભઠ્ઠીઓ બેસાડવા રૂપીયા ૭ કરોડની જોગવાઈ,

## ગુજરાતના ખેડુતોને પંજાબની જેમ મફત વિજળી આપો : ગોપાલ ઈટાલીયાએ સિંચાઈના પાણીના મુદ્દે સરકારને ઘેરી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં આજે બજેટ રજુ થવાના અગાઉ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અને પૂર્વ પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલીયાએ સરકાર પાસે પ્રજાલક્ષી અપેક્ષાઓનુ ભાથુ રજુ કર્યુ હતું. તેમણે ખેડુતો, શિક્ષણ અને રોજગારના મુદ્દે સરકારને આડે હાથ લીધી હતી.

ગોપાલ ઈટાલીયાએ જણાવ્યુ હતુ કે પંજાબ સરકારની જેમ ગુજરાતમાં પણ ખેડુતોને દિવસે મફત વિજળી મળવી જોઈએ. વધુમાં તેમણે ઉમેર્યુ કે ગુજરાતમાં કુદરતી મહેર હોવા છતાં વહિવટી તંત્રની અણઆવડતને કારણે કેનાલ નેટવર્ક પુરતુ નથી જેથી ખેડુતો સુધી સિંચાઈનુ પાણી પહોચતુ નથી. આ બજેટમાં કેનાલ નેટવર્ક મજબુત કરવા જાહેરાત થવી જોઈએ, શિક્ષણ ક્ષેત્રે નવીનતા લાવવાની માંગ કરતા તેમણે કહ્યુ કે રાજયમાં આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ યુનિર્વસિટી બનાવવી જોઈએ. જેથી આવનારી પેઢી ટેકનોલોજીમાં આગળ વધી શકે, સામાન્ય જનતા માટે શિક્ષણ અને સ્વાસ્થ્યની શ્રેષ્ઠ સુવિધાઓ મફત અથવા સસ્તી મળે તેવી વ્યવસ્થા થવી જોઈએ. ઈટાલીયાએ વધુમાં કહયુ કે જમીન વિહોણા લોકો અને માલધારી સમુદાય માટે પણ અવાજ ઉઠાવવો જોઈએ. જમીન વિહોણા લોકોને સરકાર જમીન આપે તેવી માંગ છે. માલધારીઓને જમીન અને ગૌચરના અધિકારો મળવા જોઈએ. સરકારી નોકરીઓમાં કોન્ટ્રાકટ પ્રથા બંધ કરી કાયમી નિમણુંક આપવી જોઈએ જેથી ગામડાઓનુ સ્થળાંતર અટકે.



## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે કુલ રૂ.૭૦૮૪ કરોડની જોગવાઈ કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

સમાજના જરૂરીયાતમંદ વર્ગને સામાજિક સુરક્ષા પુરી પાડી સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવો એ સરકારની પ્રાથમિકતા છે. વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ, પાત્રતા ધરાવતી તમામ વ્યકિતઓને સરળતાથી પહોચાડવા સરકાર પ્રતિબધ્ધ છે. પીએમ યશસ્વી પ્રિ-મેટ્રીક અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ વિકસતી જાતિના અંદાજે ૯ લાખ ૭૫ હજાર વિદ્યાર્થીઓ માટે રૂપીયા ૬૩૦ કરોડની જોગવાઈ, પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા અનુસુચિત જાતિના અને વિકસતિ જાતિના અંદાજે ૩૬ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય આપવા રૂપીયા ૬૧૭ કરોડની જોગવાઈ (૨) અનુસુચિત જાતિના આશરે ૧ લાખ ૪૫ હજાર વિદ્યાર્થીઓ માટેની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના માટે રૂપીયા ૨૯૬ કરોડની જોગવાઈ (૩) વિદેશ અભ્યાસ લોન યોજના અંતર્ગત વિદેશ માં ચાલતા ઉચ્ચ અભ્યાસઅર્થે ૪ ટકાના દરે વ્યકિતદીઠ ૧૫ લાખ સુધીની લોન આપવા રૂપીયા ૧૩૫ કરોડની જોગવાઈ (૫) સરસ્વતી સાધના યોજના અંતર્ગત ધોરણ ૯ માં અભ્યાસ કરતી અનુસુચિત જાતિ , સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક પછાત વર્ગ ની ૧ લાખ ૫૯ હજાર વિદ્યાર્થીનીઓને વિનામુલ્યે સાયકલ આપવા રૂપીયા ૭૩ કરોડની જોગવાઈ (૬) ધોરણ ૯ અને ૧૦ માં અભ્યાસ કરતા અનુસુચિત જાતિના અંદાજે ૧ લાખ ૭૦ હજાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા રૂપીયા ૨૪ કરોડની જોગવાઈ (૭) અનુસુચિત જાતિ અને વિકસતિ જાતિના વિદ્યાર્થીઓ માટેની આદર્શ નિવાસી શાળાઓ પૈકી ૫ શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહ ના વર્ગો ચાલુ કરવા તથા અત્યાધુનિક લેબોરેટરી સ્થાપવામાં આવશે (૮) દિવ્યાંગજનો માટેની સંત સુરદાસ યોજના તેમજ વિવિધ આર્થિક સહાય યોજના હેઠળ કુલ રૂપીયા ૨૪૯ કરોડની જોગવાઈ (૯) નિરાધાર બાળકો માટેની પાલક માતા પિતા યોજના હેઠળ રૂપીયા ૮૩ કરોડની જોગવાઈ (૧૦) દિવ્યાંગજનોને મોટરરાઈઝડ ટ્રાઈસીકલ તથા જોયસ્ટીક વ્હીલચેર આપવા રૂપીયા ૬૦ કરોડની જોગવાઈ (૧૧) રાજયના ૩૪ જિલ્લાઓમાં નશામુકિત સેન્ટર અને રાજય કક્ષાએ સ્ટેટ સેલ સ્થાપવા રૂપીયા ૧૫ કરોડની જોગવાઈ (૧૨) બૌધ્ધિક અસમર્થતા , ઓટીઝમ દિવ્યાંગતા ક્ષેત્રે ડે કેર તથા રહેણાકની સુવિધા સાથે શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવા માટે રૂપીયા ૬ કરોડની જોગવાઈ (૧૩) અનુસુચિત જાતિ અને વિકસતિ જાતિના લાભાર્થીઓ નિગમો હેઠળ ચાલતી શૈક્ષણિક લોન તથા સ્વરોજગાર લક્ષી લોન યોજનાના તથા દિવ્યાંગજનો માટે ચાલતી સ્વરોજગાર યોજનાના કુલ ૧૯ હજાર લાભાર્થીઓ માટે રૂપીયા ૭૯૩ કરોડની જોગવાઈ, (૧૪) અનુસુચિત જાતિ અને વિકસતિ જાતિના લાભાર્થીઓને બેંક મારફતે વાહન , સ્વરોજગારી તેમજ ઉચ્ચ અભ્યાસ માટે લીધેલ લોન પર ૬ ટકા સબસીડી આપવા રૂપીયા ૨૫ કરોડની જોગવાઈ (૧૫) આવાસ યોજનાઓ હેઠળ અનુસુચિત જાતિ , સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો , આર્થિક પછાત વર્ગો તથા વિચરતી વિમુકત જાતિઓના અંદાજીત ૨૪ હજાર થી વધુ લાભાર્થીઓને મકાન સહાય માટે રૂપીયા ૩૭૫ કરોડની જોગવાઈ (૧૬) અનુસુચિત જાતિ અને વિકસતિ જાતિના આશરે ૫૩ હજાર લાભાર્થીઓને મળતી મફત (પોષણ) તબીબી સહાય યોજના અંતર્ગત રૂપીયા ૧૪૩ કરોડની જોગવાઈ

